P.07



દિશા પટણીના ઘર પર ગોળીબાર, ગેંગસ્ટર ગોલ્ડી બરાર અને રોહિત ગોદારાએ લીધી જવાબદારી

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07



ઘાટી ફિલ્મ ફ્લોપ જતાં અનુષ્કા શેટ્ટીનું સોશિયલ મિડિયાને બાયબાય

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૪ અંક : ૪૩ I વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો વદ ૦૭ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 43 • Dt.14-09-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



પેલેસ્ટાઈન સ્વતંત્ર દેશ બને માટે યુએનમાં ભારત સહિત ૧૪૨ દેશોએ પ્રસ્તાવના પક્ષમાં આપ્યો મત 07





14
SEPTEMBER- 2025
SUNDAY





07 ભારત ઉપર ૫૦ ટકા ટેરિફ લગાવવાનું કામ સરળ ન હતું I વ્હાઇટ હાઉસમાં ટ્રમ્પનું નિવેદન






The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


## ગુજરાત રાજ્યની કૃષ્ણનગરી દ્વારકામાં સરકારનું

# મેગા ડિમોલિશન મિશન સક્સેસફુલ : ૩૧૬ કરોડ કિંમતની જમીન ખાલી થઇ

### દરિયાઇ સીમા ધરાવતો સૌરાષ્ટ્રનો પશ્ચિમ પ્રદેશ I દ્વારકા તાલુકાનું દરિયાઇ સુરક્ષા, ધાર્મિક આસ્થા, ઔદ્યોગિક સલામતિ તેમજ પ્રવાસન ક્ષેત્રે આગવું મહત્વ ધરાવે છે

I પ્રતિનિધિ, દ્વારકા, તા.૧૩ I

કૃષ્ણની દ્વારિકા નગરીમાં સરકાર દ્વારા થોડા સમય પહેલા મેગા ડિમોલિશન હાથ ધરાયું હતુ. ત્યારે આ ડિમોલિશન થકી દ્વારકામાં રૂપિયા ૩૧૬ કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મેગા ડિમોલેશન ઝુંબેશ ચલાવીને ?૩૧૬ કરોડથી વધુની કિંમતની જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. દરિયાઈ સીમા ધરાવતો સૌરાષ્ટ્રનો પશ્ચિમ પ્રદેશ છે. દ્વારકા તાલુકાનું દરિયાઈ સુરક્ષા, ધાર્મિક આસ્થા, ઔદ્યોગિક સલામતિ તેમજ પ્રવાસન ક્ષેત્રે આગવું મહત્વ ધરાવે છે. દ્વારકા ટાઉનમાં વિશ્વ પ્રસિધ્ધ થી દ્વારકાધીશ મંદિર આવેલુ છે, જે દેશ-વિદેશના કરોડો ભક્તોનું આસ્થાનું કેન્દ્ર છે. આ ઉપરાંત દ્વારકા તાલુકામાં ૧૨ જ્યોર્તિલીંગ પૈકીનું એક જ્યોર્તિલીંગ શ્રી નાગેશ્વર જ્યોર્તિલીંગ મંદિર, રૂક્ષ્મણી મંદિર, ગોપી તળાવ, બેટ દ્વારકા ખાતે શ્રી દ્વારકાધીશ મંદિર તથા ભીમરાણા ખાતે શ્રી મોગલ માતાજી મંદિર જેવા અનેક પ્રસિધ્ધ ધાર્મિક સ્થળો આવેલા છે. જે દર વર્ષે ખુબ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓને યાત્રાર્થે આકર્ષે છે.

આ ઉપરાંત ઓખા અને દ્વારકાને જોડતો સુદર્શન સેતુ અને પાછલા પાંચ વર્ષોથી જેને બ્લ્યુ ફ્લેગ બીચનું પ્રમાણપત્ર મળ્યુ છે એવુ શીવરાજપુર બીચ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યુ છે. તેમજ સરકાર દ્વારા દ્વારકા કોરીડોરની કામગીરી પણ હાલમાં ચાલી રહી છે.ઔદ્યોગિક દ્રષ્ટિએ દ્વારકા તાલુકામાં તાતા કેમિકલ્સ લી. તેમજ આર.એસ.પી.એલ. લી. જેવા બે મોટા ઔદ્યોગિક ગૃહોના પ્લાન્ટ આવેલા છે. તેમજ અન્ય નાના ઔદ્યોગિક એકમો હાલ કાર્યરત છે તેમજ આ ઉપરાંત પુનઃ પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે દ્વારકામાં અંદાજે ૨૭૦ જેટલી સંખ્યાની પવનચક્કિ કાર્યરત છે. જે દ્વારકા તાલુકાને ઔદ્યોગિક દ્રષ્ટિએ સંવેદનશીલ ક્ષેત્ર બનાવે છે. કૃષ્ણની દ્વારિકા નગરીમાં સરકાર દ્વારા થોડા સમય પહેલા મેગા ડિમોલિશન હાથ ધરાયું હતુ.



#### દ્વારકા તાલુકો આશરે ૧૪૦ કિ.મી. જેટલી દરિયા સીમા તેમજ ૦૮ જેટલા નાના મોટા ટાપુ ધરાવે છે

દ્વારકા તાલુકો આશરે ૧૪૦ કિ.મી. જેટલી દરિયા સીમા તેમજ ૦૮ જેટલા નાના મોટા ટાપુ ધરાવે છે. આ ટાપુઓ દરિયાઈ સુરક્ષા તેમજ પર્યાવરણીય દ્રષ્ટિએ ખુબ મહત્વના છે. મોટાભાગના ટાપુઓ પર પાછલા ઘણા વર્ષોથી ગેરકાયદેસર રીતે સરકારી જમીન પર મસ્જિદ/મજાર બનાવી ધાર્મિક તેમજ રહેણાંકના બાંધકામ કરેલ છે. સદર ટાપુઓ પર અન્ય ધર્મની વસ્તી ધીરે ધીરે પલાયન થઈ રહી છે જે સુરક્ષાની દ્રષ્ટિએ ખુબ જ ગંભિર બાબત છે.અત્રેનાં તાલુકામાં ઓખા પોર્ટ પણ કાર્યરત છે. જેના કારણે વાર્ષિક ધોરણે ૪૨૫૯ જેટલી ફ્રિચીંગ બોટ આંતરાષ્ટ્રિય સીમા સુધી ફિશીંગ માટે પરિવહન કરે છે. અત્રેના તાલુકામાં રાષ્ટ્રિય ધોરણે મહત્વની સંસ્થાના સ્ટેશન આવેલ છે. ઉપરાંત પાછલા થોડાક વર્ષોમાં દરિયાઈ સીમાથી નાર્કોટીક સબસ્ટન્સ ઘુસાડવાના નિષ્ફળ પ્રયાસ પણ કરવામાં આવેલ છે.

#### પ્રવાસન પ્રવૃતિને વેગ મળવાને કારણે દ્વારકા તાલુકાની જમીન પણ ખુબ જ કિંમતી બનેલ છે

દ્વારકા ખાતે કોવિડ પછીના વર્ષોમાં પ્રવાસીઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થવાથી પ્રવાસન ઉધોગની પ્રવૃતિને વેગ મળ્યો છે. જેના કારણે વિવિધ સરકારી જમીન પર વાણીજયક હેતુથી દબાણમાં વધારો જોવા મળેલ છે. પ્રવાસન પ્રવૃતિને વેગ મળવાને કારણે દ્વારકા તાલુકાની જમીન પણ ખુબ જ કિંમતી બનેલ છે. આથી સરકારી જમીન પરનાં દબાણોને સત્વરે દુર કરવા જરૂરી બન્યા છે. જેથી વિકાસના અન્ય કામો માટે કિંમતી સરકારી જમીન ખુલ્લી કરી શકાય, વહિવટી દ્રષ્ટિએ અત્રેના તાલુકામાં ૨ નગરપાલિકા દ્વારકા નગરપાલિકા (દ્વારકા ટાઉન વિસ્તાર), ઓખા નગરપાલિકા (ઓખા ટાઉન, આરંભડા, બેટ, સુરજકરાડી વિસ્તાર) નો સમાવેશ થાય છે. આથી વહિવટી તંત્ર દ્વારા બે તબક્કામાં દબાણ હટાવાની કામગીરી કરવામાં આવી હતી. તો ક્યાં કેટલી જમીન ખુલ્લી કરાઈ તે જાણીએ. આ ડિમોલિશન થકી દ્વારકામાં રૂપિયા ૩૧૬ કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે.

#### બેટ દ્વારકા ધાર્મિક, પર્યાવરણીય તેમજ પ્રવાસન ક્ષેત્રે ખુબ મહત્વ ધરાવે છે

વર્ષ ૨૦૧૦ થી ઓખા નગરપાલિકામાં સમાવિષ્ટ છે. અહી પણ શ્રી દ્વારકાધીશજીનું મંદિર આવેલ છે. જેને કારણે લાખો શ્રધ્ધાળુઓ અત્રેની યાત્રા કરે છે તેમજ ફેબ્રુઆરી-૨૦૨૪ થી સુદર્શન સેતુ દ્વારા ઓખાને બેટ સાથે જોડતા સહેલાણીઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોવા મળે છે. બેટમાં આશરે ૮૦ % વસ્તી મુસ્લિમની છે. બેટ દ્વારકા ધાર્મિક, પર્યાવરણીય તેમજ પ્રવાસન ક્ષેત્રે ખુબ મહત્વ ધરાવે છે. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા બેટ દ્વારકામાં કુલ ૪૧૪ દબાણો દુર કરેલ છે જેનુ અંદાજે ક્ષેત્રફળ ૧૨૪૯૯૬ ચૌ.મી. થાય છે તેમજ જેની બજાર કિંમત રૂ.૭૬૮૨૯૩૨૫૦ /- થાય છે. દ્વારકા તાલુકાનાં ઓખા પોર્ટ વિસ્તાર આવેલ છે. અહીં રસ્મ, કોસ્ટગાર્ડ, નેવીનાં સ્ટેશન આવેલા છે. ઓખા ટાઉનમાં વહિવટીતંત્ર દ્વારા ઓખામાં ૪૬ જેટલા દબાણો દુર કરેલ છે જેનું અંદાજે ક્ષેત્રફળ ૭૦૦ ચો.મી. તેમજ બજાર કિંમત રૂ.૧૪૭૦૦૦૦૦/- થાય છે. આરંભડા વર્ષ: ૨૦૦૬ થી ઓખા નગરપાલિકામાં સમાવિષ્ટ છે. જેના દરિયા કિનારાની સરકારી જમીન પરનું નીચે મુજબનું ધાર્મિક દબાણ દુર કરવામાં આવેલ છે. જેનું અંદાજે ક્ષેત્રફળ ૩૨૦ ચો.મી. થાય છે તથા તેની બજાર કિંમત રૂ.૩૮૪૦૦૦૦/- થાય છે. શ્રી દ્વારકાધીશજી મંદિરને કારણે દ્વારકા ટાઉનમાં વર્ષે ૯૦ લાખ જેટલા શ્રધ્ધાળુઓ યાત્રાએ આવે છે.

#### દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મેગા ડિમોલેશન ઝુંબેશ ચલાવી



ડિમોલિશન થકી દ્વારકામાં રૂપિયા ૩૧૬ કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મેગા ડિમોલેશન ઝુંબેશ ચલાવીને ?૩૧૬ કરોડથી વધુની કિંમતની જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. દરિયાઈ સીમા ધરાવતો સૌરાષ્ટ્રનો પશ્ચિમ પ્રદેશ છે. દ્વારકા તાલુકાનું દરિયાઈ સુરક્ષા, ધાર્મિક આસ્થા, ઔદ્યોગિક સલામતિ તેમજ પ્રવાસન ક્ષેત્રે આગવું મહત્વ ધરાવે છે. દ્વારકા ટાઉનમાં વિશ્વ પ્રસિધ્ધ થી દ્વારકાધીશ મંદિર આવેલુ છે, જે દેશ-વિદેશના કરોડો ભક્તોનું આસ્થાનું કેન્દ્ર છે. આ ઉપરાંત દ્વારકા તાલુકામાં ૧૨ જ્યોર્તિલીંગ પૈકીનું એક જ્યોર્તિલીંગ શ્રી નાગેશ્વર જ્યોર્તિલીંગ મંદિર, રૂક્ષ્મણી મંદિર, ગોપી તળાવ, બેટ દ્વારકા ખાતે શ્રી દ્વારકાધીશ મંદિર તથા ભીમરાણા ખાતે શ્રી મોગલ માતાજી મંદિર જેવા અનેક પ્રસિધ્ધ ધાર્મિક સ્થળો આવેલા છે.

---

#### રાણીપ બકરા મંડી કેસઃ

## ગુજરાત હાઈકોર્ટે એએમસીને લગાવી ફટકાર I વૈકલ્પિક આવાસ વિના મકાન તોડી શકાય નહીં

### હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક આવાસ આપ્યા વિના કોઈ પણ ઘર તોડી પાડવામાં આવશે નહીં I ૨૮ નવેમ્બર, ૨૦૦૫ના રોજ અમદાવાદ મહાનગરપાલિકાની ટીમ દ્વારા રાણીપ બકરા મંડી ખાતે ૧૭૫ ઘર તોડી પાડવામાં આવ્યા હતા

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ I

લાંબા સમયથી પડતર રાણીપ બકરા મંડી ડિમોલિશન કેસ અંગે ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને પર ફટકાર લગાવી છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક આવાસ આપ્યા વિના કોઈ પણ ઘર તોડી પાડવામાં આવશે નહીં.૨૮ નવેમ્બર, ૨૦૦૫ ના રોજ અમદાવાદ મહાનગરપાલિકાની ટીમ દ્વારા રાણીપ બકરા મંડી ખાતે ૧૭૫ ઘર તોડી પાડવામાં આવ્યા હતા. એડવોકેટ શમશાદ પઠાણના પ્રયાસો અને જન સંઘર્ષ મંચના સમર્થનથી વરિષ્ઠ વકીલ એસ. એચ. ઐયર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી દ્વારા આ કાર્યવાહીને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. ત્યારબાદ હાઈકોર્ટે ડિમોલિશન પર રોક લગાવી દીધી હતી.વર્ષ ૨૦૧૫ માં અમદાવાદ મનપાએ હાઈકોર્ટને ખાતરી આપી હતી કે પુનર્વસન માટે ૭૪ પરિવારની ઓળખ કરવામાં આવી છે, અને અન્ય પાત્ર પરિવારોને પણ આવાસ પૂરા પાડવામાં આવશે. જોકે, એએમસી આ ખાતરી પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગયું.એડવોકેટ શમશાદ પઠાણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ માં, છસ્ઝ્રએ ફરી ૩૦૦ થી વધુ પરિવારોને મકાન ખાલી કરવાની નોટિસ ફટકારી. કાનૂની જવાબ દાખલ કરવામાં આવ્યા અને હું જાતે, એડવોકેટ ઈમ્તિયાઝ ખાન પઠાણ અને સાથીદારો દ્વારા પરિવારનો બચાવ કરવામાં આવ્યો. વર્ષ ૨૦૨૫ માં એએમસીએ એવો અભિપ્રાય આપ્યો કે ટાઉન પ્લાનિંગ એક્ટમાં પુનર્વસન માટે કોઈ જોગવાઈ નથી.આ મામલે જસ્ટિસ મોના ભટ્ટની સિંગલ બેન્ચ દ્વારા સુનાવણી કરવામાં આવી. ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ મનપાની આકરી ટીકા કરતા કહ્યું, "તમે વૈકલ્પિક આવાસ પૂરું પાડવાનું તમારું વચન કેમ પૂર્ણ કર્યું નથી?

---

#### આણંદથી અલ્ફાઝ હનીફ અઝીઝ મેમણની ધરપકડ કરવામાં આવી

## આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઈમ સેલે નોકરીની લાલચ આપીને લોકોને ફસાવતા વધુ એક આરોપીની કરી ધરપકડ

### અગાઉ ધરપકડ કરાયેલા અન્ય આરોપીઓ સાથે અલ્ફાઝ ભારતીય નાગરિકોને ગેરકાયદેસર રીતે મ્યાનમાર મોકલવામાં સક્રિય હતો

I પ્રતિનિધિ, આણંદ, તા.૧૩ I

સાયબર ક્રાઈમ સેલે આંતરરાષ્ટ્રીય સાયબર ગુલામી રેકેટના વધુ એક આરોપીની ધરપકડ કરી છે. આણંદથી અલ્ફાઝ હનીફ અઝીઝ મેમણની ધરપકડ કરવામાં આવી છે.અગાઉ ધરપકડ કરાયેલા અન્ય આરોપીઓ સાથે અલ્ફાઝ ભારતીય નાગરિકોને ગેરકાયદેસર રીતે મ્યાનમાર મોકલવામાં સક્રિય હતો.તે અગાઉ ધરપકડ કરાયેલા આરોપી દાનિશ સુલેમાન દંત્રેલિયા સાથે મળીને કમિશનના બદલામાં ભારતીય નાગરિકોને મ્યાનમાર મોકલતો હતો.હનીફ અઝીઝે ગેરકાયદેસર રીતે બે ભારતીય નાગરિકોને મ્યાનમાર મોકલ્યા હતા. આ ઉપરાંત, લગભગ એક અઠવાડિયા પહેલા, તેણે અમદાવાદ એરપોર્ટથી ત્રણ અન્ય ભારતીય નાગરિકોને પણ મ્યાનમાર મોકલવા માટે બેંગકોક મોકલ્યા હતા. જોકે, આ રેકેટનો પર્દાફાશ થયા પછી અને સમાચાર માધ્યમોમાં આવ્યા પછી, આ ત્રણ નાગરિકો બેંગકોકથી ભારત પાછા ફર્યા.આરોપીઓ ભારતના વિવિધ રાજ્યોના લોકોને લાલચ આપીને તેમની જાળમાં ફસાવતા હતા. આ રીતે, તેઓ વિદેશમાં સારી નોકરીઓની લાલચ આપીને લોકોને ફસાવતા હતા. આણંદથી અલ્ફાઝ હનીફ અઝીઝ મેમણની ધરપકડ કરવામાં આવી છે. વધુ એક આરોપીની ધરપકડ સાથે, આંતરરાષ્ટ્રીય રેકેટના વધુ રહસ્યો ખુલવાની શક્યતા છે. સાયબર ક્રાઈમ સેલે આંતરરાષ્ટ્રીય સાયબર ગુલામી રેકેટના વધુ એક આરોપીની ધરપકડ કરી છે. આણંદથી અલ્ફાઝ હનીફ અઝીઝ મેમણની ધરપકડ કરવામાં આવી છે.

---

#### અમદાવાદના નારોલમાં કરંટ લાગવાથી દંપતીના કરૂણ મોતના કેસમાં મોટી બેદરકારી બહાર આવી

#### તપાસમાં ખુલ્યું છે કે, સ્ટ્રીટલાઇટના થાંભલા કાઢી નાખ્યા બાદ વાયરોનુ યોગ્ય રિપેરિંગ ન થવાને કારણે પાણીમાં કરંટ ફેલાયો હતો, જેના કારણે રાજન સિંગલ અને તેની પત્ની અંકિતાનું મોત નિપજ્યું હતું

## નારોલમાં વીજ કરંટથી દંપતીના મોત મામલે એએમસીના બે કર્મચારી સહિત પાંચ સામે બેદરકારીનો ગુનો દાખલ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ I




અમદાવાદના નારોલમાં કરંટ લાગવાથી દંપતીના કરૂણ મોતના કેસમાં મોટી બેદરકારી બહાર આવી છે. મૃતકના પરિવારજનની ફરિયાદના આધારે પોલીસે મ્યુનિસિપલ કોર્પોરેશનના બે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરના ત્રણ કર્મચારીઓ સહિત પાંચ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. તપાસમાં ખુલ્યું છે કે, સ્ટ્રીટલાઈટના થાંભલા કાઢી નાખ્યા બાદ વાયરોનુ યોગ્ય રિપેરિંગ ન થવાને કારણે પાણીમાં કરંટ ફેલાયો હતો, જેના કારણે રાજન સિંગલ અને તેની પત્ની અંકિતાનું મોત નિપજ્યું હતું.અમદાવાદના નારોલ વિસ્તારમાં રુદ્ર ગ્રીન રેસીડેન્સીમાં રહેતા હેતલબેન સિંગલે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, મારા પતિ હરજીવનભાઈને ફેફસાના ઈન્ફેક્શનની બીમારી હોવાથી એલ.જી. હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કર્યા હતા. તેમનો દીકરો રાજન અને તેની પત્ની ૮ ડિસેમ્બરના રોજ રાત્રે હોસ્પિટલે ટિફિન આપીને રાતના આશરે ૧૦ વાગ્યાની આસપાસ ઈસનપુરથી નારોલ રુદ્રગ્રીન રેસીડેન્સી ખાતે જવા નીકળ્યા હતા.આ દરમિયાન નારોલ મટનગલી રામદેવ એસ્ટેટ પાસે જાહેર રોડ ઉપર વરસાદનું પાણી ભરાયેલુ હતું.દંપતી પાણીમાંથી એક્ટિવા લઈ પસાર થતા હતા, તે દરમિયાન પાણીમાં લીકેજ થયેલા કરંટના લીધે રાજન તથા તેની પત્ની અંકિતા પાણીમાં પડી ગયા હતા. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી અને બંનેની લાશને પીએમ અર્થે મોકલી આપી હતી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી. પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની તપાસમાં બહાર આવ્યું હતું કે, નારોલ મટનગલી રામદેવ એસ્ટેટ પાસે આવેલ જાહેર રોડ ઉપર સ્ટ્રીટ લાઈટના થાંભલા લગાવવામાં આવેલા હતા. જેમા વચ્ચેના બે થાંભલા કોઈ કારણસર કાઢી નાખવામાં આવેલા હતા. થાંભલાઓના ઈલેક્ટ્રીક વાયરોનુ સરખી રીતે રિપેરિંગ કર્યા વગર બંધ કરી દીધા હતા. વરસાદનું પાણી ભરાવાથી આ ઠેકાણે વાયરો ખુલ્લા થઈ ગયા હતા. જેમા પાણીમાં બન્નેને કરંટ લાગતા તેમના મૃત્યુ થયા હતા.નારોલ મટન ગલી રોડ ઉપર અગાઉ પડી ગયેલા લાઈટના થાંભલાની જાળવણી તથા રિપેરિંગ કરવાની કામગીરી કોન્ટ્રાક્ટરના કર્મચારી સૈયદ ઝહીર હસનભાઈ ઉર્ફે સાજીદભાઈ તથા એન્જિનિયર નયનભાઈ કાપડીયા તથા અજય દિનેશભાઈ પરમારની સંપુર્ણ જવાબદારી હોવા છતા તેઓએ તેમની કામગીરી પ્રત્યેની બેદરકારી નિષ્કાળજી દાખવી હતી.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટ્રીટ લાઈટ વિભાગના સાઈટ ઉપરના જવાબદાર ટેકનિકલ સુપરવાઈઝર જીજ્ઞેશભાઈ ગામીત તથા અને આસી. એન્જિનિયર પંકજભાઈ મચ્છારએ કામગીરી ઉપર દેખરેખ રાખી નહી.

---

#### કાર્યક્રમ 'નમોત્સવ' એ હજારો લોકોના હૃદય જીતી લીધા

#### કાર્યક્રમ જોવા માટે મહેસાણા અને આસપાસના વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા

## મહેસાણામાં 'નમોત્સવ': મોદીના જીવન પ્રવાસની સંગીતમય ઉજવણી

I પ્રતિનિધિ, મહેસાણા, તા.૧૩ I



મહેસાણામાં આયોજિત એક અનોખા કાર્યક્રમ 'નમોત્સવ' એ હજારો લોકોના હૃદય જીતી લીધા. આ મેગા મ્યુઝિકલ મલ્ટિમિડીયા શોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બાળપણથી લઈને અત્યાર સુધીના જીવન પ્રવાસને સંગીત અને કલાના માધ્યમથી અદ્ભુત રીતે રજૂ કરવામાં આવ્યો. લાગણી ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૧૫૦થી વધુ કલાકારોએ તેમની પ્રતિભાનો પરિચય કરાવ્યો.આ કાર્યક્રમ જોવા માટે મહેસાણા અને આસપાસના વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ શો માત્ર એક મ્યુઝિકલ ઈવેન્ટ નહોતો, પરંતુ તે એક એવી યાત્રા હતી જેમાં ॅર મોદીના સંઘર્ષ, સમર્પણ અને સફળતાની ગાથાને ભાવનાત્મક રીતે દર્શાવવામાં આવી હતી. શોમાં દર્શાવવામાં આવેલી મલ્ટિમિડીયા અને મ્યુઝિકલ રજૂઆતે સૌનું ધ્યાન ખેંચ્યું હતું અને લોકોએ તેને ભારે ઉત્સાહથી વધાવી લીધો હતો.કાર્યક્રમમાં ઉપસ્થિત રાજ્યના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું કે, "આઝાદી પછી ૫૦ વર્ષ વીતી ગયા, અને જ્યારે આપણે ૨૧મી સદીમાં પ્રવેશ કરવાના હતા, ત્યારે દેશને એક મજબૂત નેતૃત્વની જરૂર હતી. અને તે નેતૃત્વ ગુજરાતમાંથી જ મળ્યું. ઈતિહાસ તો ઈતિહાસ પૂરો થયા પછી જ ખ્યાલ આવે છે, પણ અત્યારે તો આપણે ઈતિહાસ બનતો જોઈ રહ્યા છીએ. આ 'નમોત્સવ' એ માત્ર નરેન્દ્રભાઈનો જન્મોત્સવ નથી, પરંતુ તે જન્મોત્સવની સાથે સેવોત્સવ મનાવવાનો એક પ્રયાસ છે."

## અંકલેશ્વરમાં પિસ્તોલ લાવી વેચવા ફરતો શખ્સ એસઓજીના હાથે ઝડપાયો

| પ્રતિનિધિ, અંકલેશ્વર, તા.૧૩ |

અંકલેશ્વર તાલુકાના જીતાલીગામ ખાતેના તળાવ પાસેથી કમરના ભાગે પિસ્તોલ છુપ ાવીને ફરતા ઉત્તર પ્રદેશના શખ્સને એસઓજી પોલીસની ટીમે ઝડપી પાડ્યો હતો. ગઈકાલે બપોરના સમયે જીતાલીગામ તળાવ પાસે સેંગપુર તરફ જવાના માર્ગ પર એક વ્યક્તિ ગેરકાયદેસર હથિયાર લઈ ફરી રહ્યો હોવાની માહિતી ભરૂચ એસોજી ટીમને સાંપડી હતી. જેના આધારે પોલીસે બાતમી મુજબના સ્થળેથી નરેન્દ્રસિંગ મૃ ત્યુંજયસિંગ (રહે-મીરાનગર ઝુપડપ ટ્ટી, અંકલેશ્વર/મૂળ રહે-ઉત્તર પ્રદેશ) ને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની તલાસી લેતા કમરના ભાગેથી હાથ રૂમાલમાં વિટાળેલ એક કારતુસ વગરની પિસ્તોલ મળી આવી હતી.

## જામનગરમાં મોડી રાત્રે ઘોડીપાસાનો જુગાર રમી રહેલા ૬ શખ્સો પકડાયા

| પ્રતિનિધિ, જામનગર, તા.૧૩ |

જામનગરના ગોવાળ મસ્જિદ નજીકના વિસ્તારમાં ગઈ રાત્રે બે વાગ્યે પોલીસે જુગાર અંગે દરોડો પાડ્યો હતો, અને ઘોડીપાસાનો જુગાર રમી રહેલા ૬ શખ્સોની અટકાયત કરી લઈ રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે. જામનગરના ગોવાળ મસ્જિદ વિસ્તારમાં ઘોડીપાસાનો જુગાર રમી રહેલા નિર્મલ ઉર્ફે ત્રિકમ રમેશભાઈ પઢીયાર નામના ફરસાણના વેપારી, ઉપરાંત હાર્દિક અશ્વિનભાઈ ચુડાસમા, વીરભદ્રસિંહ અરવિંદસિંહ સરવૈયા, નામના વેપારી કિરીટ બાબુભાઈ સોલંકી, ધર્મેન્દ્રસિંહ મનુભા જાડેજા અને જયેન્દ્ર કાનજીભાઈ વાઘેલા ની અટ-કાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૧૨,૦૫૦ની રોકડ રકમ અને ઘોડી પાસાનું સાહિત્ય કબજે કર્યો છે.

### રાજપીપળા નજીક સરદાર સરોવર નર્મદા ડેમનું પાણીનું સ્તર નોંધપાત્ર રીતે વધ્યું

## નર્મદા જિલ્લામાં ઉપરવાસમાંથી પાણીની આવકમાં વધારો નોંધાતા વધુ ૫ ગેટ ખોલાયા

### સરદાર સરોવર ડેમ માંથી ૭૫,૦૦૦ ક્યુસેક અને પાવરહાઉસ મારફતે ૪૫,૦૦૦ ક્યુસેક પાણી નદી માં છોડવાના આવી રહ્યું છે

| પ્રતિનિધિ, નર્મદા, તા.૧૩ |

રાજપીપળા નજીક સરદાર સરોવર નર્મદા ડેમનું પાણીનું સ્તર નોંધપાત્ર રીતે વધ્યું છે. મધ્યપ્રદેશના ઓમકારેશ્વર ડેમમાંથી પ ાણી છોડવાને કારણે, આ સિઝનમાં નર્મદા ડેમનું પાણીનું સ્તર બીજી વખત ૧.૩૬ મીટરને વટાવી ગયું છે. હાલમાં, ડેમનું પ ાણીનું સ્તર ૧૩૬.૦૯ મીટર પર પહોંચી ગયું છે અને ડેમ ૯૨ ટકા ભરાઈ ગયો છે. ત્યારે ઉપરવાસમાંથી પાણીની આવકમાં વધારો નોંધાતા વધુ ૫ ગેટ ખોલાયા છે.હાલમાં હાલમાં ૫ ગેટ ખુલ્લા હતા. ત્યારે આજે બપોરે ૧૨ કલાકથી વધુ પાંચ ગેટ ખોલવામાં આવતા કુલ ૧૦ ગેટ હાલ ખુલ્લા કરાયા છે.આપને જણાવી દઈએ સરદાર સરોવર ડેમ ના ૧૦ ગેટ ૧.૦૫ મીટર સુધી ખોલવામા આવ્યા છે. સરદાર સરોવર ડેમ માંથી ૭૫,૦૦૦ ક્યુસેક અને પાવરહાઉસ મારફતે ૪૫,૦૦૦ ક્યુસેક પાણી નદી માં છોડવાના આવી રહ્યું છે. ત્યારે સરદાર સરોવર નર્મદા ડેમ માંથી ૧,૨૦,૦૦૦ ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છેમળતી માહિતી મુજબ, ડેમમાં પાણીનો પ્રવાહ સતત વધી રહ્યો છે અને ઉપરથી ૧,૧૩,૦૪૫ ક્યુસેક પાણી આવી રહ્યું છે. ઓમકારેશ્વર ડેમ અને પાવર હાઉસમાંથી છોડવામાં આવતા પાણી સહિત કુલ ૧.૨૦ લાખ ક્યુસેક પાણી નર્મદા ડેમમાં આવી રહ્યું છે. વધતા પાણીના પ્રવાહને



કારણે, ડેમના ૫ દરવાજા ૧.૪૨ મીટર સુધી ખોલવામાં આવ્યા છે અને દર સેકન્ડે ૧,૧૨,૫૭૨ ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે.નર્મદા નિયંત્રણ સત્તામંડળ ડેમના પાણીના સ્તર અને સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. ડેમના મહત્તમ જળસ્તર ૧૩૮.૬૮ મીટર સુધી પહોંચે તે માટે ખાસ તૈયારીઓ કરવામાં આવી રહી છે, ખાસ કરીને ૧૭ સપ્ટેમ્બર, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે.નોંધનીય છે કે દર વર્ષે વડા પ્રધાનના જન્મદિવસે, નર્મદા ડેમને તેના સંપૂર્ણ જળસ્તર સુધી વધારવાના પ્રયાસો કરવામાં આવે છે. આ પ્રસંગે, ડેમના સુંદરીકરણ સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જોકે, હાલ પૂરતું ઉપરવાસના વિસ્તારોમાં વરસાદ બંધ થઈ ગયો છે, તેથી આગામી દિવસોમાં પાણીના પ્રવાહ પર સૌની નજર છે. નર્મદા ડેમના વધતા જળસ્તરને માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ પડોશી રાજ્યોમાં પણ સિંચાઈ અને પીવાના પાણીની ઉપલબ્ધતા માટે આશાસ્પદ માનવામાં આવે છે.

## ભરૂચમાં બારોબાર દુકાન અને મકાનો ભાડે આપનાર માલિકો સામે પોલીસની લાલ આંખ

| પ્રતિનિધિ, ભરૂચ, તા.૧૩ |

૨૦ માલિકો સામે જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ દુકાન અને મકાનો ભાડે આપી સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધણી ન કરાવનાર ૨૦ માલિકો વિરુદ્ધ એસઓજીની ટીમે જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરતા અન્ય માલિકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. આગામી તહેવારોને ધ્યાને લેતા ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન અને સૂચના મુજબ ભરૂચ એસઓજીની ટીમે વિવિધ વિસ્તારોમાં સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધણી વગર બારોબાર દુકાન અને મકાનો ભાડે આપનાર માલિકો સામે કડક કાર્યવાહી કરી હતી. પોલીસે ભાડા કરાર નોંધણી ન કરાવનાર ૨૦ જેટલા દુકાન અને મકાન માલિકો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો. જેમાં ઉમેશ ખત્રી (ઝાડેશ્વર રોડ), પ્રતીક શાનેપરા (નર્મદા કોલેજ સામે), રમેશ ચૌધરી (સુરત), મંજરી પ્રજાપતિ (ઝાડેશ્વર ચોકડી), મહાદેવ કોઠી (તવરા રોડ), હર્ષરાજસિંહ વશી (તવરા રોડ), સંજય મારુ (તવરા રોડ), લક્ષ્મીબેન, દિનેશ ગાભાણી (જીએનએફસી રોડ), આશિષ વર્મા (ભડકોદરા), કૃષિલ પટેલ (ભડકોદરા), વિનયકુમારસિંગ (અંકલેશ્વર જીઆઈડીસી), હિરલ સિયાણી (સુરત), પુષ્પેન્દ્ર પાંડે (ભડકોદરા), અશોક રાજપુત (ભડકોદરા) અને જીતેન્દ્ર ઓઝાનો સમાવેશ થાય છે.

### જાહેર જનતાના આરોગયના હિતમાં સ્થળ પર જ સીઝ કરવામાં આવ્યો

## જામનગર : ભેળસેળયુક્ત ઘી બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ | રૂપિયા ૧.૪૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

| પ્રતિનિધિ, જામનગર, તા.૧૩ |

છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિવિધ સ્થળ પર ઘીની રેડ કરવામાં આવી રહી છે. ત્યારે ધ્રોલ નજીક ક્રિષ્ના ટ્રેડીંગમાં તંત્ર દ્વારા તપાસણી દરમિયાન સોયાબીન-વનસ્પતિની ભેળસેળ પકડી પાડવામાં આવી હતી. જેમાં શુદ્ધ ઘીમાં ભેળસેળ કરી બનાવટી ઘી બનાવવાનો કાચો માલ સમિત કુલ રૂ. ૧.૪ કરોડનો માલ જપ્ત કરાયો છે. ભેળસેળિયા તત્ત્વો દ્વારા મોટા ભાગે ઘીમાં ખાસ પ્રકારનું રિફાઈન્ડ પામ તેલને મુખ્ય ઘટક તરીકે વાપરતા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. જેનું ટેક્સ્ચર ઘીને મળતું આવતું આવે છે. આથી તે શંકાસ્પદ જણાઈ આવતાં તેના ઉત્પાદન અંગેની માહિતી એકત્ર કરી અધિકારીઓ દ્વારા આવું ભેળસેળ



કરનારા અને તેમની દરેક કડીઓની તપાસ કરતાં તેનો છેડો ગાંધીધામ, કચ્છ ખાતેથી મળ્યો હતો. એચ.ડી.કોશિયાએ વધુમાં કહ્યું હતું કે ભારત ફૂડસ કો-ઓપરેટીવ વિ.-ગાંધીધામ ખાતેથી ચાર નમુના અને ધ્રોલ નજીક ક્રિષ્ના ટ્રેકિંગમાંથી ચાર નમૂના એમ કુલ ૬ નમુના તંત્રના દરોડામાં લઈ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. બાકીનો આશરે ૧૦ ટનથી વધુનો જથ્થો કે જેની કિંમત આશરે રૂ ૧.૪૦ કરોડ જેટલી થાય છે, તે જાહેર જનતાના રિફાઈન્ડ પામ તેલ, ને આરોગ્યની સલામતી માટે જપ્ત કરી ઘી માં ભેળસેળ થતી અટકાવવામાં આવી છે. તંત્ર દ્વારા ૧૨ સપ્ટેમ્બરના રોજ ઘીનું ઉપાદન કરતી ક્રિષ્ના ટ્રેડિંગ કંપનીમાં તપાસ હાથ ધરી હતી. જેમાં તંત્ર દ્વારા સ્થળ પરથી ધી માં સોયાબીન અને વનસ્પતિનું ભેળસેળ કરતા ઈસમોને રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. જેના આધારે આ એકમના વેપારી ભરતભાઈ ખિમસુરિયાની હાજરીમાં વનસ્પતિના ૩ અને સોયાબીન તેલના એક એમ કુલ ૪ નમૂના લેવામાં આવ્યા છે.

જ્યારે બાકીના બે ટન જેટલા ખાદ્ય પદાર્થ કે જેની અંદાજીત કિંમત રૂ. ૩.૩ લાખ જેટલી થવા જાય છે, તે જથ્થો જાહેર જનતાના આરોગયના હિતમાં સ્થળ પર જ સીઝ કરવામાં આવ્યો છે.વધુમાં તંત્ર દ્વારા મે. ક્રિષ્ના ટ્રેડિંગ કંપનીનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી પણ હાથ ધરી છે.

## અંબાજી નજીક ત્રિશુલિયાઘાટીમાં ત્રણ અકસ્માત, બેના મોત અને એક ગંભીર

| પ્રતિનિધિ, બનાસકાંઠા, તા.૧૩ |

બનાસકાંઠા જિલ્લાના અંબાજી-દાંતા રોડ પર આવેલા ત્રિશુલિયાઘાટી નજીક શનિવારે અકસ્માતોની વણઝાર જોવા મળી હતી, જેમાં ત્રણ અલગ-અલગ ઘટનાઓમાં બે વ્યક્તિનાં મોત થયાં હતાં અને એક વ્યક્તિની હાલત ગંભીર છે. આ ઘટનાઓને પગલે સ્થાનિકોમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.પ્રથમ અકસ્માત મોડી રાત્રે દાંતા તાલુકાના પુંજપુર પેટ્રોલ પંપ પાસે થયો હતો. એક ઝડપી ગતિએ આવતી પીકઅપ વાને બાઇકને ટક્કર મારતા બાઈક પર સવાર એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. મૃતક રાજસ્થાનનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં.બીજો અકસ્માત ત્રિશુલિયાઘાટી નજીક જ થયો હતો. અંબાજી તરફથી આવી રહેલું એક ટ્રેલર અચાનક પલટી મારી ગયું હતું, જેના કારણે ટ્રેલરના ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.ત્રીજી ઘટનામાં દાંતા તરફ જઈ રહેલી એક ટ્રકની બ્રેક અચાનક ફેલ થઈ જતાં ટ્રક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ ટ્રકે રસ્તા પર ઊભેલાં પોલીસનાં વાહનોને અડફેટે લીધાં હતા.

## વડોદરામાં સ્ક્રેપના વેપારીને ધમકી આપી ૧.૧૦ લાખ રૂપિયા પડાવ્યા

| પ્રતિનિધિ, વડોદરા, તા.૧૩ |

વડોદરા શહેરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં એક ભંગારના વેપારીને કેસ દાખલ કરવાની ધમકી આપીને રૂ. ૧.૧૦ લાખ પડાવ્યા હતા. આશ્ચર્યજનક વાત એ છે કે આ ઘટનામાં વેપારીના મિત્ર અને તેના સાથીઓએ આ ગુનો કર્યો હતો. પોલીસે આ કેસમાં તાત્કાલિક કાર્યવાહી કરી હતી અને નિવૃત્ત પ ોલીસ કર્મચારી સહિત પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી.વડોદરાના એસકે ટ્રેડર્સના નામે ભંગારનો વ્યવસાય કરતા એક વેપારીને નિશાન બનાવવામાં આવ્યો હતો. આરોપીઓએ પોલીસ અધિકારી બનીને વેપારી પર માલ ચોરી કરવાનો આરોપ લગાવ્યો હતો અને તેને ધમકી આપી હતી.આરોપીઓએ પોતાને વાડી પોલીસ સ્ટેશનના અધિકારી તરીકે રજૂ કર્યા હતા અને કેસ દાખલ કરવાની ધમકી આપીને વેપારી પાસેથી રૂ. ૧.૧૦ લાખ પડાવ્યા હતા. આ ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે વેપારીના મિત્રની સંડોવણી છે, જેણે તેના સાથીઓ સાથે મળીને આ કાવતરું ઘડ્યું હતું.ઘટનાની માહિતી મળતાં જ વડોદરા પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. પોલીસે આ કેસમાં નિવૃત્ત પોલીસ કર્મચારી સહિત પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી રોકડ અને બાઈક સહિત ૨.૪૦ લાખ રૂપિયાની મિલકત જપ્ત કરવામાં આવી છે.



### વડોદરામાં ઇલેટ્સ અર્બન ઇનોવેશન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સમિટમાં સહભાગી બન્યા

# અગાઉ આપણે પાકિસ્તાન સાથે બાથ ભીડતા હતા હવે અમેરિકા સાથે ભીડી રહ્યા છીએ : મુખ્યમંત્રી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેક ટુ બેઝિકનો કોલ આપી કુદરતી સંસાધાનોનું રક્ષણ કરવાનું મહત્વ સૌને સમજાવ્યું છે : ભૂપેન્દ્ર પટેલ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૩ ।

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમના મુખ્યમંત્રી તરીકેના સેવાકાળના ચાર વર્ષ પૂર્ણ થવાના સુયોગે વડોદરામાં ઈલેટ્સ અર્બન ઈનોવેશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમિટમાં સહભાગી બન્યા છે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંસ્કારી નગરી વડોદરાના નગરજનોને ધરપત આપતા જણાવ્યું કે, વિશ્વામિત્રી રિજુવેનાઈઝેશન પ્રોજેક્ટનો એક તબક્કો પૂર્ણ થયા બાદ હવે બાકીની કામગીરી પણ આગામી એક વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટના પરિણામે પ્રવર્તમાન ચોમાસામાં વડોદરાને કોઇ તકલીફ પડી નથી. રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણના જતન સાથે વિકાસના મંત્રને વરેલી છે.મુખ્યમંત્રી પ ટેલે તેમના સેવાકાળના ચાર વર્ષ પૂર્ણ થવાના અવસરના સુયોગ સાથે વડોદરા મહાનગરપ ાલિકા દ્વારા આયોજિત ઈલેટ્સ અર્બન ઈનોવેશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમિટનો પ્રારંભ કરવાતા ઉક્ત વાત કરી હતી. તેમણે સમિટનો પ્રારંભ કરાવવાની સાથે વડોદરા મહાનગરપ ાલિકના અર્બન ડેવલપમેન્ટ ગોલનું લોન્ચિંગ ઉપરાંત શહેરી વિકાસ પુસ્તકનું વિમોચન પણ કર્યું હતું.તેમણે કહ્યું કે, કુદરતની સામે





બાથ ભીડવાને બદલે પ્રકૃતિનું સંરક્ષણ કરવું જોઈએ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બેક ટુ બેઝિકનો કોલ આપી કુદરતી સંસધાનોનું રક્ષણ કરવાનું મહત્વ સૌને સમજાવ્યું છે. કુદરતનું મૂલ્ય આંકવું અઘરૂ છે. એટલે જ ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના નિરાકરણ માટે પર્યાવરણના સંરક્ષણ સાથે સર્વગ્રાહી વિકાસ કરવાનો છે. વિકાસને પર્યાવરણ સાથે જોડીને જ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ શક્ય છે. તેમણે સૂચક નિવેદન કરતા તેમ પણ કહ્યું કે, અગાઉ આપણે પાકિસ્તાન સાથે બાથ ભીડતા હતા, હવે અમેરિકા સાથે ભીડી રહ્યા છીએવડાપ્રધાનના નેતૃત્વમાં ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહી છે, તેવું જણાવતા મુખ્યમંત્રીએ જીએસટી જેવા સુધારાઓને ઉદાહરણ તરીકે રજૂ કર્યા હતા. સમયની માંગને સમજીને પ્રજાજનોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપીને નાના માણસથી લઈને મોટા વ્યવસાયિકો સુધીના વિકાસ માટે નીતિગત સુધારાઓ કરીને કાર્યરત રહેવાનું છે, તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની વાત કરતા મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, અગાઉ મહાનગરપ ાલિકાઓનું કાર્ય માત્ર ગટર, રસ્તા, પાણી અને વીજળી સુધી મર્યાદિત હતું, પરંતુ આજે તે હોસ્પિટલ, સ્વિમિંગ પૂલ, જીમ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને બાગ-બગીચા વિકાસ સુધી પ હોંચી ગયા છે. પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડલ દ્વારા જનસહભાગિતા વધારીને સ્વચ્છતા અને કાર્યક્ષમતા વધારવાની જરૂર છે.શહેરો આર્થિક પ્રવૃત્તિના ઉદગમ સ્થાનો છે, તેમ કહેતા તેમણે જણાવ્યું કે, ૨૦૦૫માં વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલા શહેરી વિકાસ વર્ષના ૨૦ વર્ષ પછી ૨૦૨૫માં શહેરી વિકાસ વિભાગ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૦ હજાર કરોડનું માતબર બજેટ ફાળવ્યું છે.

### જીપનો ડ્રાઇવર દિનેશભાઇ (રહે. સેલવાસ) ભાગી ગયો હોઇ પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો

## વડોદરા શહેરમાં દારૂના કટિંગ સમયે જ પોલીસ ત્રાટકી ૧,૨૬૮ દારૂની બોટલ સાથે ૬.૭૨ લાખનો મુદ્દામાલ કબજે

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૩ ।

વડોદરાના વાઘોડિયા રોડ પર દારૂના કટિંગ સમયે જ પોલીસે રેડ પાડી હતી. જીપ અને ઘરમાંથી પોલીસે ૨.૬૨ લાખનો દારૂનો જથ્થો કબજે કર્યો છે.

પાણીગેટ પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન માહિતી મળી હતી કે, વાઘોડિયા રોડ બી.પી. એસ. સ્કૂલ પાસે આવેલી અંબિકા ધામ સોસાયટીમાં રહેતો રવિ કહાર પીકઅપ ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લાવ્યો છે અને પોતાના ઘર પાસે ઉતારી રહ્યો છે. જેથી,પોલીસ સ્ટાફે ઉપરોક્ત સ્થળે રેડ કરતા એક જીપ ઉભી હતી અને તેની નજીક ઉભેલા રવિ કનુભાઇ કહારને કોર્ડન કરીને પકડી લીધો હતો. પોલીસે જીપ તથા આરોપીના ઘરમાંથી દારૂની ૧,૨૬૮ બોટલ કિંમત રૂપિયા ૨.૬૨ લાખની કબજે કરી હતી. પોલીસે દારૂ, જીપ, મોબાઇલ ફોન મળી કુલ ૬.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

જ્યારે જીપનો ડ્રાઈવર દિનેશભાઇ (રહે. સેલવાસ) ભાગી ગયો હોઈ પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે. વડોદરાના વાઘોડિયા રોડ પર દારૂના કટિંગ સમયે જ પોલીસે રેડ પાડી હતી.વાઘોડિયા રોડ બી.પી. એસ. સ્કૂલ પાસે આવેલી અંબિકા ધામ સોસાયટીમાં રહેતો રવિ કહાર પીકઅપ ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લાવ્યો છે અને પોતાના ઘર પાસે ઉતારી રહ્યો છે.

### જામનગરના બેડી-રસુલ નગર વિસ્તારમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સાગરખેડુની જનજાગૃતિ માટેનો સેમિનાર યોજાયો

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૩ ।

જામનગરના બેડી રસુલ નગર વિસ્તારમાં ગત તા.૧૧.૦૯.૨૦૨૫ના રોજ મરીન ટાસ્ક ફોર્સ, જામનગર દ્વારા સાગરખેડુતની જનજાગૃતી તેમજ રાષ્ટ્રહીત સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. દરીયાઇ વિસ્તારમાં મળી આવતા શંકાસ્પદ શખ્સોની હીલચાલ, બોટો, સંભવિત આતંકવાદી પ્રવૃતીઓ અને કૈફી પદાર્થોની હેરાફેરી અટકાવવા, વિસ્ફોટક પદાર્થો, બાળકોના શિક્ષણ સહિતની જાગૃતી માટે માહિતગાર કરાયા હતા, તેમજ મરીન ટાસ્ક ફોર્સની કામગીરી વિશે જાણકારી આપવામાં આવી હતી. ગામના સરપંચ ઉમરભાઈ, ઉપ-સરપંચ સુલતાનભાઈ, બેડ ગામનાં સરપંચ મુળાભાઈ તથા વડીલ દાઉદભાઈ, જાકુબભાઈ, મરીન ગૃપ લીડર અને પો.ઈન્સ. ડી.આર.યાદવ, પો.સ.ઈ. જી.એમ.બોપલીયા, પો.સ.ઈ. ડી.એચ.જાડેજા તથા મરીન કમાન્ડો તથા ફીશરીઝ વિભાગ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. જામનગરના બેડી રસુલ નગર વિસ્તારમાં ગત તા.૧૧.૦૯.૨૦૨૫ના રોજ મરીન ટાસ્ક ફોર્સ, જામનગર દ્વારા સાગરખેડુતની જનજાગૃતી તેમજ રાષ્ટ્રહીત સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતુ.

### વલસાડમાં નશામાં ધૂત કાર ચાલકે અનેક વાહન અને પશુને કચડ્યા,સ્થાનિકોએ ધોલાઇ કરી પોલીસને સોંપ્યો

। પ્રતિનિધિ, વલસાડ, તા.૧૩ ।

ગુજરાતમાં કહેવાતી દારૂબંધીની હકીકત છાશવારે સામે આવતી રહે છે. આવી જ એક ઘટના ફરી વલસાડમાંથી સામે આવી છે. જ્યાં દારૂના નશામાં ધૂત કાર ચાલકે કેટલાંક વાહનો અને પશુઓને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા તેમજ એક વાછરડી અને શ્વાનનું મોત નિપજ્યું હતું. ઘટના બાદ રોષે ભરાયેલા લોકોએ કાર ચાલકને ગાડીમાંથી બહાર કાઢ્યો અને ખૂબ માર માર્યો હતો. ત્યારબાદ તેને પોલીસને સોંપી દીધો હતો. વલસાડમાં શુક્રવારે (૧૨ સપ્ટેમ્બર) મોડી રાત્રે દારૂના નશામાં ધૂત કારચાલકે અનેક લોકોને કચડ્યા હતા. ધરમપુર ચોકડીથી ROB બ્રિજ તરફ જતા રસ્તે કાર ચાલકે રોડ પર પાર્ક કરેલા વાહનો અને રસ્તા પર બઠેલા પશુઓને ટક્કર મારી હતી. અકસ્માતમાં બે વ્યક્તિઓને ઈજા થઈ હતી અને એક વાછરડી અને શ્વાનનું મોત નિપજ્યું હતું. જોકે, અકસ્માત બાદ કાર ચાલક ત્યાંથી ભાગવાનો પ્રયાસ કરતો હતો પરંતુ, સ્થાનિક લોકોએ તેનો પીછો કરી તેને ઝડપી લીધો હતો. જ્યારે આ કાર ચાલક ઝડપાયો તો જાણ થઈ કે, તે દારૂના નશામાં ધૂત હતો. જેનાથી સ્થાનિક રોષે ભરાયા હતા અને તેને ઢોર માર માર્યો હતો. સ્થાનિકોએ તેના કપડા કાઢીને આખા રસ્તે માર મારવામાં આવ્યો અને બાદમાં પોલીસને સોંપી દેવામાં આવ્યો. સમગ્ર મામલે પોલીસ કંટ્રોલ રૂમને જાણ થતા વલસાડ સિટી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે કાર ચાલકને કસ્ટડીમાં લીધો છે. જોકે, પોલીસ લખેલી નંબર પ્લેટને લઈને પણ પોલીસે તપાસ હાથ ધરી છે. ગુજરાતમાં કહેવાતી દારૂબંધીની હકીકત છાશવારે સામે આવતી રહે છે. આવી જ એક ઘટના ફરી વલસાડમાંથી સામે આવી છે. જ્યાં દારૂના નશામાં ધૂત કાર ચાલકે કેટલાંક વાહનો અને પશુઓને અડફેટે લીધા હતા.






## તંત્રી લેખ..

# પ્લાસ્ટિક જોખમરૂપ

જે પ્લાસ્ટિકના કારણે અમારુ જીવન વધારે સરળ અને વધારે સુવિધાજનક બની ગયુ છે તે જ પ્લાસ્ટિકના કારણે આજે વધુને વધુ ખતરો ઉભો થઇ રહ્યો છે. પ્લાસ્ટિકના ઉપયોગને રોકવા માટે વિવિધ સુચન કરવામાં આવી રહ્યા છે છતાં પ્લાસ્ટિકનો ઉપયોગ અસરકારક રીતે રોકાઇ રહ્યો નથી. માટી અને પાણીની સ્થિતીને બગાડી દેવામાં તેની ભૂમિકા રહેલી છે. સાથે સાથે પ્લાસ્ટિકના કારણે અનેક જીવલેણ બિમારી પણ ફેલાઇ રહી છે. આ વખતે પર્યાવરણ દિવસની મંગળવારના દિવસે ઉજવણી કરવામા ંઆવી હતી. આ દિવસે કેટલાક મોટી પહેલ પણ કરવામા ંઆવી હતી. જે અસરકારક છે. સાથે સાથે સ્વાગતરૂપ છે. પ્લાસ્ટિક પ્રદુષણને રોકવા માટે ગઇકાલે તમામને કહેવામાં આવ્યુ હતુ. સરકારો, ઉદ્યોગો, જુદા જુદા સમુદાય અને સામાન્ય જનતાને પ્લાસ્ટિકના ઉપયોગને રોકી દેવા માટે કહેવામાં આવ્યુ હતુ. પર્યાવરણ દિવસના યજમાન દેશ તરીકે આ વખતે ભારત રહ્યા બાદ કેટલીક નવી પહેલ ભારત સરકાર દ્વારા કરવામાં આવી હતી. ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે દુનિયાના સૌથી વધારે પ્લાસ્ટિકના ઉપયોગ કરનાર દેશોની યાદીમાં ભારત પાંચમા સ્થાને છે. પ્લાસ્ટિકના ખતરાને તો ખુબ પહેલા જ અમે ઓળખી ગયા હતા. જો કે આ સંબંધમાં જેટલી જાગૃતાની જરૂર હતી તેટલી જાગૃતા આવી ન હતી. હવે જ્યારે ખતરનાક બાબત સપાટી પર આવી છે ત્યારે અમે ધ્રુજી ગયા છીએ. જેથી પ્લાસ્ટિકની સામે જંગ છેડી દેવામાં આવ્યો છે. વિશ્વ પર્યાવરણના દિવસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ખુબ સારી પહેલ કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મહત્વના નિર્ણય હેઠળ અમદાવાદ શહેરમાં પાણીનાં પાઉચ અને પ્લાસ્ટિકની અન્ય ચીજો પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. પાણીના પાઉચની સાથે સાથે ચા માટે વપરાતી પ્લાસ્ટિકની નાની પ્યાલીઓ, મસાલામાં વપરાતા પ્લાસ્ટીક સહિતની સંબંધિત પ્લાસ્ટિકના વપરાશ અને ઉપયોગ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. શહેરના મેયર ગૌતમભાઇ શાહે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. રાજકોટ બાદ હવે અમદાવાદ શહેરમાં પણ પ્લાસ્ટિકના કાગળમાં પેક કરીને આવતાં પાણીના પાઉચ પર પ્રતિબંધ મૂકી દેવાયા બાદ હવે આગામી દિવસોમાં રાજયના અન્ય શહેરોમાં પણ આ પ્રકારે પ્લાસ્ટિક પર પ્રતિબંધની શકયતાઓ પ્રવર્તી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ જાહેરાતને પગલે પાણીના પાઉચના વેપારીઓ અને પ્લાસ્ટિકના વેપારીઓ-દુકાનદારોમાં ભારે નારાજગીની લાગણી ફેલાઇ ગઇ હતી. જો કે, લોકોના આરોગ્યને ધ્યાનમાં લઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવાયેલા નિર્ણયની જાગૃત નાગરિકોમાં ભારે પ્રશંસા થઇ રહી છે. દરમ્યાન અમદાવાદ જિલ્લા કલેકટરે પણ કલેકટર કચેરીને પ્લાસ્કિટ ફ્રી ઝોન ઘોષિત કરતી જાહેરાત કરી હતી. કલેકટર કચેરીમાં સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી શણની બેગ આપવાની પણ તેમણે તત્પરતા દાખવી હતી.

# એક્સ્ટ્રા મૈરિટલ અફેયરથી ખુશી

અમારામાંથી મોટા ભાગના લોકો નક્કરપણે અને સ્પષ્ટપણે માને છે કે કોઇ રિલેશનશીપમાં બેવફાઇ માટે કોઇ જગ્યા નથી. બે લોકોની વચ્ચે કોઇ ત્રીજાની કોઇ શક્યતા હોતી નથી. પરંતુ હાલમાં કરવામાં આવેલા સર્વેમાં કેટલીક અન્ય રોચક બાબત સપાટી પર આવી છે. જેમાં જાણવા મળ્યુ છે કે કેટલાક દંપત્તિ એવા પણ છે જે એક્સ્ટ્રા મૈરિટલ અફેયર્સ અથવા તો લગ્ન થયા હોવા છતાં બહાર પણ સંબંધ રાખે છે. આ પ્રકારના સંબંધને તેઓ પોતાની ખુશી તરીકે પણ ગણે છે. અમેરિકાની મિસોરી સ્ટેટ યુનિવર્સિટીમાં હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબના તારણ સપાટી પર આવ્યા છથે. યુનિવર્સિટીના પ્રોફેસર એલિસિયા વોકર દ્વારા એશ્લે મેડિસીન નામની એક ડેટિંગ સાઇટ મારફતે એક હજારથી વધુ લોકોને આવરી લઇને અભ્યાસ કરાવવામાં આવ્યા બાદ કેટલીક રોચક બાબત સપાટી પર આવી હતી. ડેટિગ સાઇટ મારફતે સર્વેમાં કેટલીક બાબત સપાટી પર આવી હતી. આ ડેટિંગ સાઇટ પર અનોખી તરીકે રહેલી છે. જે માત્ર પરિણિત દંપત્તિ અને રિલેશનશીપમાં રહેલા દંપત્તિ માટે જ ડેટિંગની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. આ સર્વેમાં સામેલ કરવામાં આવેલા લોકોને પ્રશ્ન કરવામાં આવ્યા કે પોતાના ગૃહસ્થ જીવનની બહાર કોઇની સાથે સંબંધ રાખવાની શુ અસર થઇ છે. તેમના જીવનને કેટલા હદ સુધી અલગ ખુશી મળી છે. હેરાનીની બાબત એ છે કે ૧૦ પૈકી સાત લોકોએ કહ્યુ હતુ કે લગ્ન સંબંધો બાદ બહારના સંબંધ સ્થાપિત કરીને તેમની લાઇફ વધારે સંતોષજનકરીતે આગળ વધી રહી છે. આંકડાના કહેવા મુજબ પુરૂષો કરતા મહિલાઓ વધારે પોતાના લગ્ન સિવાયના સંબંધોના કારણે વધારે સંતુષ્ટ દેખાઇ છે. આ સંતુષ્ટી માટેના કેટલાક કારણ જવાબદાર રહ્યા છે. જેમ કે ગૃહસ્થીમાં પાર્ટનર સાથે સેક્સ સંબંધ રાખવાની બાબતમાં સંતોષ ન મળવાની બાબત પણ સામેલ છે. બહારના પાર્ટનર સાથે સેક્સ સંબંધ રાખવાની સ્થિતીમાં સંતોષ મળે છ. આ આઉટસાઇટ પાર્ટનરની સાથે સપ્તાહમાં બે વખત સેકસ સંબંધો બનાવવા માટેની બાબત સામેલ છે. એવુ પણ જાણવા મળ્યુ છે કે જ્યારે આ પ્રકારના લગ્ન બાદના સંબંધો ખતમ થઇ જાય છે ત્યાર પાર્ટનરની સાથે વિશ્વાસઘાત કરવાનો કોઇ અનુભવ થાય છે કે કેમ તેને લઇને પણ પ્રશ્નો સર્વેના ભાગરૂપે પુછવામાં આવ્યા હતા. હેરાન કરનાર બાબત તો એ છે કે શોધમાં સામેલ કરવામાં આવેલા મોટા ભાગના લોકોએ કહ્યુ છે કે લગ્નના સંબંધનો અંત આવ્યા બાદ તો જીવનમાં પહેલા કરતા વધારે ખુશી મળે છે. માત્ર આ જ સર્વેમા સંબંધ અને બેવફાઇ વચ્ચેના સંબંધ જોડવામાં આવ્યા નથી. એક જર્નલમાં પ્રકાશિત અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો પોતાના લગ્ન સિવાય બહારના સંબંધ રાખે છે.



વિશેષ

લેખક : સ્મૃતિ ઇરાની

### જ્યારે હું લોકસભાના આદરણીય સભ્યો સમક્ષ ઊભી હતી, ત્યારે...

**હું હેતુ અને જવાબદારીની ભાવનાથી ભરેલી હતી. અમે ત્યાં એક ગહન મહત્ત્વપૂર્ણ બાબતની ચર્ચા કરવા આવ્યા હતા, જેમાં આપણા રાષ્ટ્રના ભવિષ્યને નવું સ્વરૂપ આપવાની ક્ષમતા છે. નારી શક્તિ વંદન અધિનિયમ, જે સામાન્ય રીતે મહિલા અનામત વિધેયક તરીકે ઓળખાય છે.**

# નારી શક્તિ વંદન અધિનીયમ એ આપણા દેશની મહિલાઓને સશક્ત બનાવવાનું એક સાધન છે

જ્યારે હું લોકસભાના આદરણીય સભ્યો સમક્ષ ઊભી હતી, ત્યારે હું હેતુ અને જવાબદારીની ભાવનાથી ભરેલી હતી. અમે ત્યાં એક ગહન મહત્ત્વપૂર્ણ બાબતની ચર્ચા કરવા આવ્યા હતા, જેમાં આપણા રાષ્ટ્રના ભવિષ્યને નવું સ્વરૂપ આપવાની ક્ષમતા છે – નારી શક્તિ વંદન અધિનિયમ, જે સામાન્ય રીતે મહિલા અનામત વિધેયક તરીકે ઓળખાય છે. આ પ્રસ્તાવિત બંધારણીય સુધારામાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે રાજકીય ક્ષેત્રમાં મહિલાઓના સશક્તીકરણની દિશામાં એક મોટું પગલું છે.



મારા સમય પહેલાં પણ, જ્યારે રાષ્ટ્રને ગુલામીમાંથી સ્વતંત્રતા મળી હતી, ત્યારે વિવિધ પ્રદેશોની ઘણી સામાન્ય મહિલાઓએ કહ્યું હતું કે આપણા બંધારણીય અધિકારોનું રક્ષણ થવું જોઈએ. જો કે, સામાન્ય પરિવારોની તે સ્વપ્નદ્રષ્ટા મહિલાઓ કે જેમણે રાષ્ટ્રની સ્વતંત્રતામાં તેમની ભૂમિકા ભજવી હતી, જેઓ દૂરંદેશી હતી, તેઓ જાણતા હતા કે જો સામાન્ય મહિલાઓને તક આપવામાં નહીં આવે, તો તે આગામી વર્ષોમાં તેમના માટે એક પડકાર બની શકે છે. આજે હું એ સ્વપ્નદ્રષ્ટા મહિલાઓને સલામ કરું છું. ૧૯૭૧માં, સરકાર દરમિયાન, એક સમિતિની રચના કરવામાં આવી હતી - ભારતમાં મહિલાઓની સ્થિતિ અને જ્યારે સમિતિએ ૧૯૭૪ માં પોતાનો અહેવાલ શેર કર્યો હતો, ત્યારે તેના ૭મા અધ્યાયમાં, એવું નોંધવામાં આવ્યું છે કે ભારતીય જનસંઘે કહ્યું હતું કે મહિલાઓને બંધારણીય બાંયધરી આપવી જોઈએ, અને તેઓએ અનામતની હિમાયત કરી હતી. આજે હું જનસંઘના એ દીર્ઘદ્રષ્ટા વિચારકોનો આભાર માનું છું.

ભારતીય જનતા પાર્ટી આ રાષ્ટ્રમાં મહિલાઓને તેમના સંગઠનમાં અનામત આપનાર પ્રથમ રાજકીય પક્ષ બન્યો તે ભાજપના કાર્યકર્તાઓ માટે સન્માનની વાત છે. આ ચર્ચા દરમિયાન, આપણે મહિલા અનામત વિધેયકના લેખકત્વ અંગેના દાવાઓ અને પ્રતિદાવો જોયા છે. તેઓ કહે છે કે સફળતામાં ઘણા પિતા હોય છે અને નિષ્ફળતામાં કોઈ નથી. તો જ્યારે આ બિલ આવ્યું તો કેટલાક લોકોએ તેને 'અમારું બિલ' ગણાવ્યું, કેટલાક લોકોએ કહ્યું કે તેમણે તેના પર પત્ર લખ્યા છે, કેટલાક લોકોએ કહ્યું કે તેમણે સંપૂર્ણ બંધારણીય માળખું નક્કી કર્યું છે. એક આદરણીય મહિલા નેતાએ લોકસભામાં પોતાનું ભાષણ આપ્યું હતું, અને હું બે બાબતોની સ્પષ્ટતા કરવા બદલ તેમનો આભાર માનું છું.

પ્રથમ, એ સ્વીકારવું મહત્વપૂર્ણ છે કે બંધારણના ૭૩મા અને ૭૪મા સુધારા માટે એક ખાસ પરિવારને ઘણીવાર શ્રેય આપવામાં આવે છે. જોકે તેમણે સંસદમાં સ્પષ્ટતા કરી હતી કે, આ કામ પી.વી.નરસિંહરાવે કર્યુ હતું. આ મહત્ત્વના સુધારાઓમાં જેમણે ફાળો આપ્યો છે તેમને ઓળખવા અનિવાર્ય છે અને નરસિંહરાવનું નામ યોગ્ય રીતે તે ઈતિહાસમાં સ્થાન મેળવવાને લાયક છે.

મહિલા અનામત બિલ દાયકાઓથી ભારતીય રાજકારણમાં વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે. વિવાદનો એક મુખ્ય મુદ્દો એ અનામતની અવધિ છે. મોદી સરકારે પ્રસ્તાવ મૂક્યો છે કે અનામત ૧૫ વર્ષ સુધી ચાલુ રહેશે અને મહિલાઓ માટે અનામત બેઠકો દરેક સીમાંકનની કવાયત બાદ ફેરવવામાં આવશે, જે લાંબા ગાળાની અસર સુનિશ્ચિત કરશે. તેનાથી વિપરીત, કોંગ્રેસ પક્ષે માત્ર ૧૦ વર્ષ માટે મહિલા ક્વોટાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેઓ ૧૦ વર્ષ પછી મહિલાઓના અધિકારો છીનવી લેવા માંગતા હતા. હું માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી અને કાયદા મંત્રીનો આભાર વ્યક્ત કરું છું, જેમણે કોંગ્રેસની આ ઈચ્છાને સાકાર ન થવા દીધી.

અનામતની અવધિને ધ્યાનમાં લેવા ઉપરાંત, કેટલીક બંધારણીય જોગવાઈઓ અને કાનૂની પાસાઓને સ્પષ્ટ કરવું જરૂરી છે. કેટલાકે અન્ય પછાત વર્ગો (ઓબીસી) અને લઘુમતી સમુદાયો માટે ક્વોટા સહિતનું સૂચન કર્યુ છે. જો કે, એ યાદ રાખવું અગત્યનું છે કે ભારતીય બંધારણ દ્વારા ધર્મ પર આધારિત અનામતો સ્પષ્ટપણે પ્રતિબંધિત છે.

હું દરેકને વિનંતી કરું છું કે તથ્યોની તપાસ કરો અને બંધારણીય માધ્યમથી મહિલાઓને સશક્ત બનાવવાના સરકારના પ્રયત્નોને માન્યતા આપો. બંધારણ અને તેની ગરિમા પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતા અતૂટ છે.

રાજકીય પ્રતિનિધિત્વ એ મહિલા સશક્તીકરણનું મૂળભૂત પાસું છે, અને મોદી સરકારે રાજકારણમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે પગલાં લીધાં છે.

**આપણે મહિલા અનામત વિધેયકના લેખકત્વ અંગેના દાવાઓ અને પ્રતિદાવો જોયા છે. તેઓ કહે છે કે સફળતામાં ઘણા પિતા હોય છે**



### G20 શેરપા અમિતાભ કાન્ત કહે છે કે...

**તાજેતરમાં પૂર્ણ થયેલ G20 સમિટના નવી દિલ્હી નેતાઓની ઘોષણાના ભૌગોલિક-રાજકીય ફકરાઓ પર સર્વસંમતિ પ્રાપ્ત કરીને, ભારતે સાબિત કર્યુ છે કે તે એક મજબૂત બહુપક્ષીય વાટાઘાટકાર છે.**

# ભારતના પ્રમુખપદે વૈશ્વિક સ્તરે G20ને સૌથી શક્તિશાળી મંચ બનવામાં મદદ કરી છે

G20 શેરપા અમિતાભ કાન્ત કહે છે કે તાજેતરમાં પૂર્ણ થયેલ G20 સમિટના નવી દિલ્હી નેતાઓની ઘોષણાના ભૌગોલિક-રાજકીય ફકરાઓ પર સર્વસંમતિ પ્રાપ્ત કરીને, ભારતે સાબિત કર્યુ છે કે તે એક મજબૂત બહુપક્ષીય વાટાઘાટકાર છે. નવી દિલ્હીમાં મીડિયા સાથે વાતચીત કરતા, શેરપાએ કહ્યું કે "કોઈપણ રિઝર્વેશન, કોઈપણ બ્રેકેટ, કોઈપણ ચેર સારાંશ વિના ૧૦૦ ટકા સર્વસંમતિ દસ્તાવેજ મેળવવો બહુપક્ષીય ફોરમના ઈતિહાસમાં અભૂતપૂર્વ છે". કાંતે જણાવ્યું હતું કે લીડર્સ સમિટમાં અપનાવવામાં આવેલ જી૨૦ ઘોષણા પર સર્વસંમતિ સાધવા માટે ભારતીય રાજદ્વારીઓની ટીમ દ્વારા ૨૦૦ કલાકથી વધુ નોન-સ્ટોપ વાટાઘાટો કરવામાં આવી હતી. પ્રક્રિયાની સમજ આપતા, તેમણે જણાવ્યું હતું કે "કારણ કે મંત્રી સ્તરની કોઈપણ બેઠકો સર્વસંમતિમાં પરિણમી ન હતી અને તે તમામમાં ફૂટનોટ્સ હતી, આંતરરાષ્ટ્રીય મીડિયા શરૂઆતમાં નવી દિલ્હી સમિટના પરિણામ વિશે ખૂબ જ શંકાસ્પદ હતું". શેરપાએ કહ્યું, "નવી દિલ્હીથી લગભગ ૬૦ કિલોમીટર દૂર માનેસરમાં યોજાયેલી વાટાઘાટો તીવ્ર હતી. શરૂઆતથી જ અમારું વલણ હતું કે વિભાજિત ૮૨૦ અસ્વીકાર્ય હતું."



તેમણે ઉમેર્યુ હતું કે દત્તક લેવા સુધીની દોડમાં ઘણા ઉતાર-ચઢાવ જોવા મળ્યા હતા કારણ કે રશિયા તેમજ G20 ઈચ્છે છે કે ઘણી વસ્તુઓનો સમાવેશ થાય. "પરંતુ બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા અને બાદમાં ઈન્ડોનેશિયા જેવા વિકાસશીલ દેશોના શેરપાઓએ સર્વસંમતિ ચલાવવા માટે ભારત સાથે નજીકથી કામ કર્યુ હતું. બાદમાં અમારી સાથે સાઉદી અરેબિયા, મેક્સિકો, આર્જેન્ટિના, તુર્કીના શેરપાઓ જોડાયા હતા, બધા સર્વસંમતિ પર પહોંચવા માટે જોડાયા હતા" તેમણે ઉમેર્યુ.

"આ સમય દરમિયાન, અમે તમામ G20 અને આમંત્રિત દેશોના મંતવ્યો ધ્યાનમાં લઈને બહુવિધ ડ્રાફ્ટ તૈયાર કર્યા. અમે દ્રઢન્ઢ ને સર્વસમાવેશક, મહત્વાકાંક્ષી, નિર્ણાયક અને ક્રિયાલક્ષી બનાવવાની અમારી પ્રતિબદ્ધતામાં અડગ રહ્યા," કાંતે કહ્યું. શેરપાએ વધુમાં કહ્યું કે ભારતના પ્રમુખપદે દર્શાવ્યું છે કે G20 વિશ્વનું સૌથી શક્તિશાળી બહુપક્ષીય મંચ બની શકે છે, સંયુક્ત રાષ્ટ્ર કરતાં પણ વધુ શક્તિશાળી છે. G20 દેશો વિશ્વની ૬૫% વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે અને વિશ્વના ૧ઢૅમાં ૮૫% હિસ્સો ધરાવે છે.

મુખ્ય ઉપાયો અમિતાભ કાન્તે વધુમાં જણાવ્યું હતું કે G20 નેતાઓની ઘોષણા પીએમ નરેન્દ્ર મોદીના સ્વપ્રદ્રષ્ટા વિશ્વ દૃષ્ટિકોણની કાયમી છાપ ધરાવે છે - મહિલા-આગેવાનીમાં વિકાસ, માનવ-કેન્દ્રિત પ્રગતિ, લાઈફ, સમાવેશીતા અને ક્રિયાલક્ષી પરિણામો. આ ઘોષણા તેમજ આફ્રિકન યુનિયનના પ્રવેશે ભારતને ગ્લોબલ સાઉથના ચેમ્પિયન તરીકે સ્થાન આપ્યું છે.

શેરપાએ એ પણ માહિતી આપી હતી કે ભારતના G20 પ્રેસિડેન્સીએ કુલ ૧૧૨ પરિણામો જોયા છે, જે ઈન્ડોનેશિયાના પ્રમુખપદ દરમિયાનના પરિણામો કરતાં બમણા કરતાં વધુ છે. જ્યારે ઈન્ડોનેશિયામાં ૨૦૨૨માં ૫૦ પરિણામો અને ૨૦૨૧માં ઈટાલીના ૬૫ પરિણામો હતા, અગાઉના પ્રેસિડન્સી દરમિયાનના પરિણામો ૨૦-૩૦ની વચ્ચે હતા. ભારતનું પ્રમુખપદ વિશેષ રહ્યું શેરપાએ એમ પણ કહ્યું કે ભારતની G20 પ્રેસિડેન્સી તેની પ્રસ્તુત વિવિધતા માટે યાદ કરવામાં આવશે.

- અમિતાભ કાંત

**લીડર્સ સમિટમાં અપનાવવામાં આવેલ જી૨૦ ઘોષણા પર સર્વસંમતિ સાધવા માટે ભારતીય રાજદ્વારીઓની ટીમ દ્વારા ૨૦૦ કલાકથી વધુ નોન-સ્ટોપ વાટાઘાટો કરવામાં આવી હતી.**

### પાકિસ્તાન પાસે પરમાણુ બોંબ છે ? । પાકિસ્તાનના પરમાણુ પરીક્ષણની તૈયારીના ફોટો પણ જારી ન થયા

# અનેક પ્રકારની બાબતને ધ્યાનમાં લેવામાં આવે તો કહી શકાય છે કે પાકિસ્તાને વિતેલા વર્ષોમાં પરમાણુ પરીક્ષણનુ નાટક કર્યું હતુ

ભારત દ્વારા જ્યારે પાકિસ્તાનમાં ઘુસીને બાલાકોટમાં ત્રાસવાદી કેમ્પ પર હુમલા કરવામાં આવ્યા ત્યારે પાકિસ્તાને કેટલાક દિવસ સુધી નિવેદનો કરવામાં આવ્યા હતા કે પાકિસ્તાન એક પરમાણુ શક્તિ દેશ છે. પાકિસ્તાને તેના પરમાણુ બોંબ ડ્રાંઇગ રૂમમાં સજાવવા માટે તૈયાર કર્યા નથી.ભારતની સામે પરમાણુ બોંબનો ઉપયોગ કરવામાં આવી શકે છે તેવા નિવેદન પણ કેટલાક કટ્ટરપંથીઓ દ્વારા આડેધડ નિવેદન પણ કર્યા હતા. જો કે પાકિસ્તાનની હવા છેલ્લે નિકળી ગઇ હતી.જો કે પાકિસ્તાનની આ તમામ બાબતો આખરે પોકળ સાબિત થઇ હતી. જો કે તમામ લોકોને આશ્ચર્ય થશે કે બાલાકોટમાં ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારવામાં આવ્યા બાદ પણ પાકિસ્તાને કોઇ પગલા લેવાની હિંમત કરી નથી. આ એવા પ્રકારની ઘટના બની છે જેના કારણે હવે શંકા વિશ્વાસમાં ફેરવાઇ જાય છે. એવી શંકા થવા લાગી છે કે આખરે પાકિસ્તાનની પાસે એવી તો કઇ જાદુઇ છડી આવી ગઇ છે કે વર્ષ ૧૯૭૨ના પરમાણુ પોખરણ -૧ના ચાર વર્ષના ગાળા બાદ પાકિસ્તાનમાં પરમાણુ એન્જિનિયરો ઉભા થઇ ગયા હતા. વર્ષ ૧૯૭૬માં પાકિસ્તાન એટોમિક એનર્જી કમીશનની રચના પણ કરી લેવામાં આવી હતી. તેના પરમાણુ કાર્યક્રમની આટલી વહેલી તકે શરૂઆત પણ થઇ ગઇ હતી. પાકિસ્તાને પરમાણુ કાર્યક્રમની શરૂઆત કર્યા બાદ તેની પ્રગતિને લઇને કોઇ રિપોર્ટ જારી કરવામાં આવ્યા નથી. તેની કોઇ માહિતી વર્ષ ૧૯૯૮ સુધી જારી કરવામાં આવી ન હતી. અમેરિકાની ટોપની જાસુસી સંસ્થાઓ



સીઆઇએ, એફબીઆઇ અને પેન્ટાગોન સહિતની સંસ્થાઓ દ્વારા કોઇ માહિતી પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમ અંગે આપવામાં આવી નથી. સામાન્ય રીતે જોવામાં આવે છે કે જ્યારે પણ ભારત પર કોઇ ત્રાસવાદી હુમલો થાય છે ત્યારે પાકિસ્તાન તરફથી હુમલામાં તેની કોઇ સંડોવણી નથી તેવી વાત કરવામા ંઆવે છે. સાથે સાથે કહેવામાં આવે છે કે જો લડાઇ છેડાઇ જાય તો પાકિસ્તાન પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકે છે. સાથે સાથે જંગી નુકસાન થઇ શકે છે. પોખરણ-૨ પરીક્ષણ ૧૧ અને ૧૩મી મે ૧૯૯૮ના દિવસે કરવામાં આવ્યા હતા. જેના માટે ભારતના મહાન વૈજ્ઞાનિકો વર્ષો સુધી લાગેલા હતા. સમય સમય પર બીએઆરસીની પ્રગતિ અને સિદ્ધીઓ અંગે હેવાલ પણ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આજે પણ મિડિયા મારફતે માહિતી આવતી રહે છે. પરંતુ પાકિસ્તાનના સંદર્ભમાં ક્યારેય કોઇ માહિતી જારી કરવામાં આવતી નથી. દાખલા તરીકે જોવામાં આવે તો વર્ષ ૧૯૯૫માં બેનેઝીર ભુટ્ટોએ કહ્યુ હતુ કે પાકિસ્તાનનો પરમાણુ કાર્યક્રમ ૧૯૭૧ના પહેલા શાંતિ માટે હતો. છતાં પણ આશ્ચર્યજનક રીતે જાદુની છડીથી માત્ર ૧૫ દિવસના ગાળામાં જ ૨૮ અને ૩૦મી મે વર્ષ ૧૯૯૮ના દિવસે પાકિસ્તાન દ્વારા પરમાણુ પરીક્ષણ કરી લેવામાં આવે છે. ધ્યાન આપવા જેવી બાબત એ છે કે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ચશ્મા શહેરમાં કહુટા ખાતે ચીનના સહકાર સાથે પરમાણુ પાવર પ્લાન્ટ બનાવી દીધો હતો. આટલામાં પાકિસ્તાનના તમામ ખેલને સારી રીતે સમજી શકાય છે. વાસ્તવિતા એ છે કે જ્યાં પણ માહિતી હોઇ શકે છે ત્યાં તેનો કોઇ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પાકિસ્તાનના પરમાણુ પરીક્ષણ વેળા બોંબમાં આખરે કઇ ચીજનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં યુરેનિયમ હતુ ` થોરિયમ હતુ. પ્લુટોનિયમ જથ્થો હતો કે પછી અન્ય કોઇ રસાયણ હતા. પાકિસ્તાને કેટલીક વખત કહ્યુ હતુ કે તેના દ્વારા પ્લુટોનિયમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે શકય દેખાતુ નથી. ઉપલબ્ધ સુચના મુજબ તો આ બાબત પણ સ્પષ્ટ નથી કે તેમનુ પરીક્ષણ ફયુજન છે કે પછી ફિશન છે. આમાંથી એક પરમાણુ બોંબ છે અન્ય હાઇડ્રોજન બોંબ છે. પાકિસ્તાને દાવો કર્યો છે કે બલુચિસ્તાનના ડેરા ગાજી ખાનમાં સ્થાનિક પિચબ્લેન્ડ મારફતે ૧૦૦૦૦ પાઉન્ડ યુરેનિયમનુ ઉત્પાદન કરે છે. મજાની વાત એ છે કે સમગ્ર દુનિયામાં માત્ર ત્રણ દેશ કજાકિસ્તાન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા મળીને માત્ર ૧૦૦૦ ટન પ્રતિવર્ષ ઉત્પાદન કરે છે. સાથે સાથે દુનિયાને વેચે છે. જેથી પાકિસ્તાનના તમામ દાવાને લઇને હજુ પણ પ્રશ્ન થાય છે. પાકિસ્તાન પાસે પરમાણુ બોંબ છે કે કેમ તેને લઇને સતત પ્રશ્ન થાય છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS


Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# રશિયાના કામચટકામાં ફરી ૭.૪ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ

। સિક્કિમ, તા.૧૨ ।

યુદ્ધગ્રસ્ત રશિયાના પૂર્વી કિનારે ૭.૪ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ અનુભવાયો હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ ભૂકંપ જુલાઈમાં આવેલા ૮.૮ની તીવ્રતાના ભૂકંપના વિસ્તારમાં જ આવ્યો છે. આ ભૂકંપના કારણે પ્રશાંત મહાસાગરમાં સુનામીની ચેતવણી આપવામાં આવી હતી. અધિકારીઓ હાલ કોઈપણ સંભવિત સુનામીના જોખમની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. જોકે, હજુ સુધી આ ભૂકંપના કારણે કોઈ નુકસાન કે જાનહાનિની ઘટના સામે આવી નથી.નોંધનીય છે કે, રશિયાના કામચટકા વિસ્તારમાં જુલાઈમાં પણ ૮.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ દરમિયાન પૂર્વ રશિયામાં ભારે આંચકાનો અનુભવ થયો હતો. ભૂકંપના કારણે જાપાન, અમેરિકા અને અનેક પ્રશાંત મહાસાગરના દેશોને સુનામી ચેતવણી આપવામાં આવી હતી. અમેરિકન જીઓલોજીકલ સરવે અનુસાર, આ ભૂકંપ ૧૪ વર્ષમાં વિશ્વનો સૌથી શક્તિશાળી અને અત્યાર સુધીનો છઠ્ઠો સૌથી શક્તિશાળી ભૂકંપ હતો. ૨૦૧૧માં જાપાનમાં આવેલા ૯.૧ ની તીવ્રતાના ભૂકંપ પછીનો આ સૌથી શક્તિશાળી ભૂકંપ હતો, જેના કારણે વિનાશક સુનામી આવી હતી અને વ્યાપક નુકસાન થયું હતું. કામચાટકા દ્વીપકલ્પમાં ભૂકંપનો ઈતિહાસ છે. ૧૯૫૨ માં, સોવિયત યુગ દરમિયાન, આ પ્રદેશમાં ૯.૦ ની તીવ્રતાનો મોટો ભૂકંપ આવ્યો હતો, જે ઈતિહાસમાં નોંધાયેલા સૌથી મોટા ભૂકંપ માંનો એક હતો.

## મણિપુરના નામમાં મણિ : પીએમ મોદી

# વિસ્થાપિતો માટે ૭૦૦૦ મકાન બનાવીશું । ૩૫૦૦ કરોડનું પેકેજ મંજૂર, મણિપુરમાં વડાપ્રધાન મોદીનું મોટું એલાન

**વડાપ્રધાન મોદી કાર્યક્રમને સંબોધવા માટે મણિપુરના ઈમ્ફાલ પહોંચ્યા હતા જ્યાં કોંગ્રેસ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા । વડાપ્રધાનના કાર્યક્રમ સ્થળની નજીક કાંગળાથી થોડીક દૂર કોંગ્રેસ ભવનની બહાર દેખાવ કર્યા હતા**

। કાઠમંડુ, તા.૧૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મણિપુર પહોંચી ગયા છે. લગભગ હિંસાના બે વર્ષ બાદ તેઓ અહીં પહોંચ્યા હતા. જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે ભારત સરકાર મણિપુરના લોકોની સાથે છે. અહીં લોકોના જીવનને ફરી વિકાસના માર્ગે લાવવા માટે સરકાર દરેક સંભવ પ્રયાસ કરી રહી છે. હિંસામાં પોતાનું આશ્રય ગુમાવનારા લોકો માટે સરકાર નવા ૭ હજાર મકાન બનાવશે. આ ઉપરાંત ખાસ મણિપુર માટે કેન્દ્ર સરકાર દ્વારા ૩૦૦૦ કરોડના પેકેજને મંજૂરી અપાયાની પણ પીએમ મોદીએ માહિતી આપી હતી. બીજી બાજુ ખાસ કરીને વિસ્થાપિતો માટે ૫૦૦ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત પીએમ મોદી દ્વારા કરવામાં આવી હતી.



વડાપ્રધાન મોદી કાર્યક્રમને સંબોધવા માટે મણિપુરના ઈમ્ફાલ પહોંચ્યા હતા જ્યાં કોંગ્રેસ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. વડાપ્રધાનના કાર્યક્રમ સ્થળની નજીક કાંગળાથી થોડીક દૂર કોંગ્રેસ ભવનની બહાર દેખાવ કર્યા હતા. સ્થિતિને જોતા વધારાના સુરક્ષાદળોને તહેનાત કરી દેવામાં આવ્યા હતા જેનાથી દેખાવોનો અંત આણી શકાય.

પીએમ મોદીએ કહ્યું કે, 'મણિપુરના નામમાં મણિ છે, આ એ મણિ છે જે આવનારા સમયમાં સમગ્ર પૂર્વોત્તર ભારતની ચમક વધારશે. ભારત સરકારનો સતત પ્રયાસ રહ્યો છે કે મણિપુરને વિકાસના માર્ગ પર ઝડપથી આગળ લઈ જવામાં આવે. આ સંદર્ભમાં, હું આજે તમારા બધા વચ્ચે આવ્યો છું.'

પોતાની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ મણિપુરને ૭ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ ભેટમાં આપ્યા. તેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, 'થોડા સમય પહેલા, આ મંચ પરથી લગભગ ૭ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ્સ મણિપુરના લોકો, અહીંના ટેકરીઓ પર રહેતા આદિવાસી સમાજનું જીવન વધુ સારું બનાવશે.'

તેમણે કહ્યું, 'તમે બધા જાણો છો કે પહેલા અહીંના ગામડાઓ સુધી પહોંચવું કેટલું મુશ્કેલ હતું. હવે સેંકડો ગામડાઓને રોડ કનેક્ટિવિટી આપવામાં આવી છે. પહાડી લોકો, આદિવાસી ગામડાઓને આનો ઘણો ફાયદો થયો છે. અમારી સરકાર દરમિયાન જ મણિપુરમાં રેલ કનેક્ટિવિટી વિસ્તરી રહી છે. જીરીબામ-ઈમ્ફાલ રેલ્વે લાઈન ખૂબ જ ટૂંક સમયમાં રાજધાની ઈમ્ફાલને રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે જોડશે.

## તહસીલદાર લાંચ લેતા રંગે હાથે પકડાયા,ઘરમાંથી લાખો રૂપિયા જપ્ત થયા

। સંબલપુર, તા.૧૩ ।

ઓડિશાના સંબલપુર જિલ્લાના બામડાના તહસીલદાર અશ્વિની કુમાર પંડાને શુક્રવારે વિજિલન્સ ટીમ દ્વારા રંગે હાથે લાંચ લેતા પકડાયા હતા. તેમના પર એક ખેડૂત પાસેથી તેમની જમીનના પરિવર્તનના બદલામાં ૨૦,૦૦૦ રૂપિયાની લાંચ માંગવાનો આરોપ હતો. ફરિયાદીએ આ અંગે વિજિલન્સને જાણ કરી, ત્યારબાદ વિજિલન્સે તેમના ડ્રાઈવર પી. પ્રવીણ કુમાર દ્વારા તહસીલદારને ૧૫,૦૦૦ રૂપિયાની લાંચ લેતા પકડ્યો. બંનેને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે અને લાંચના બધા પૈસા વસૂલ કરવામાં આવ્યા છે.૨૯ વર્ષીય અશ્વિની પાંડાની વાર્તા એક સમયે યુવાનો માટે પ્રેરણાસ્રોત હતી. તેમણે કોઈપણ કોચિંગ વિના પહેલા જ પ્રયાસમાં ઓડિશા સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરી હતી અને તહસીલદાર બન્યા હતા. પરંતુ હવે તેમના પર ગંભીર ભ્રષ્ટાચારનો આરોપ મૂકવામાં આવ્યો છે.અશ્વિની ઓડિશાના જાજપુર જિલ્લાના ધર્મશાલા બ્લોકના ખેતરપાલ ગામના રહેવાસી છે. તેમણે પોતાનું શાળાકીય શિક્ષણ જનકલ્યાણ હાઈ સ્કૂલમાંથી કર્યું અને પછી રેવેનશો યુનિવર્સિટીમાંથી સાયન્સમાં પ્લસ ટુ કર્યું. આ પછી, ૨૦૧૫ માં, તેમણે બ્રહ્મપુરની એક ખાનગી કોલેજમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં બી.ટેક કર્યું.એન્જિનિયરિંગ પછી, તેઓ દિલ્હી ગયા જ્યાં તેમણે ત્રણ વર્ષ માટે એક ખાનગી કંપનીમાં કામ કર્યું.

## પરિવારવાદ ધરાવતા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ મોખરે છે..તો મહારાષ્ટ્ર બીજા

। નવીદિલ્હી, તા.૧૩ ।

ભારતીય રાજકારણમાં પરિવારવાદનું પ્રભુત્વ હોવાનો ખુલાસો થયો છે.એડીઆરના રિપોર્ટમાં ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે. જેના પ્રમાણે ૨૧ ટકા સાંસદ, ધારાસભ્યો અને વિધાન પરિષદના સભ્યો રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવે છે. એમાં પણ લોકસભામાં ૩૧ ટકા સાથે સૌથી વધુ પરિવારવાદ છે. એટલે કે ૩૧ ટકા સાંસદો એવા છે, જેમના પરિવારમાંથી કોઈને કોઈ રાજકારણ સાથે સંકળાયેલું છે. ભારતના તમામ એમપી,એમએલએ,એમએલસીના સર્વેમાં ખુલાસો થયો છે.

જો કે, લોકસભાની સરખામણીમાં રાજ્યની વિધાનસભામાં આવા નેતાઓની સંખ્યા ઓછી છે. પરિવારવાદ ધરાવતા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ મોખરે છે..તો મહારાષ્ટ્ર બીજા, બિહાર ત્રીજા અને કર્ણાટક ચોથા ક્રમે છે. એડીઆર રિપોર્ટ મુજબ, ભારતના ૨૧% સાંસદો અને ધારાસભ્યો રાજકીય પરિવારોમાંથી છે, જેમાં લોકસભામાં સૌથી વધુ પ્રતિનિધિત્વ ૩૧% છે.

રાષ્ટ્રીય પક્ષોમાં, કોંગ્રેસમાં વંશીય પક્ષોનું પ્રમાણ સૌથી વધુ ૩૨% છે, જ્યારે ભાજપમાં ૧૮% છે. ઉત્તર પ્રદેશમાં ૧૪૧ રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા નેતાઓની સંખ્યા સૌથી વધુ છે.

## ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ સહયોગ એક નવા સ્તરે પહોંચવા જઈ રહ્યું છે

# ભારત અને અમેરિકા વચ્ચે ટૂંક સમયમાં પીટઆઇ ડીલની શક્યતા । સબમરીનને નષ્ટ કરી શકે તેવા એરક્રાફ્ટ ખરીદાશે

**ભારતીય નૌકાદળ માટે ૬ વધારાનાપીટઆઇમેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટની ડીલ અંગે બંને દેશો વચ્ચે વાતચીત લગભગ પૂર્ણ થઈ ગઈ । ડીલ લગભગ ૪ અબજ ડોલરની છે**

। નવીદિલ્હી, તા.૧૩ ।

ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ સહયોગ એક નવા સ્તરે પહોંચવા જઈ રહ્યું છું. સૂત્રોના જણાવ્યાનુસાર, ભારતીય નૌકાદળ માટે ૬ વધારાનાપીટઆઈમેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટની ડીલ અંગે બંને દેશો વચ્ચે વાતચીત લગભગ પૂર્ણ થઈ ગઈ છે. આ ડીલ લગભગ ૪ અબજ ડોલરની છે અને આ માટે એક અમેરિકન પ્રતિનિધિમંડળ ૧૬થી ૧૯મી સપ્ટેમ્બર દરમિયાન દિલ્હી આવશે. અહેવાલો અનુસાર, પ્રતિનિધિમંડળમાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ અને બોઈંગના પ્રતિનિધિઓ તેમજ અનેક મહત્ત્વપૂર્ણ સંસ્થાઓના અધિકારીઓનો સમાવેશ થશે. આમાં અંડર સેક્રેટરી ઓફ ડિફેન્સ ફોર પોલિસી, નેવી ઈન્ટરનેશનલ પ્રોગ્રામ્સ ઓફિસ મેરીટાઈમ પેટ્રોલ એન્ડ



રેકગ્નિશન એરક્રાફ્ટ પ્રોગ્રામ ઓફિસ અને ડિફેન્સ સિક્યુરિટી કોઓપરેશન એજન્સીનો સમાવેશ થાય છે. એનઆઈપીઓ વૈશ્વિક મેરીટાઈમ ભાગીદારી સંભાળવા માટે જવાબદાર છે જ્યારે પીએમએ ૨૯૦ મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટના સંપાદન અને સપોર્ટમાં છે.ભારત પાસે હાલમાં ૧૨ પીટઆઈવિમાન છે અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં તેની દેખરેખ અને સબમરીન વિરોધી યુદ્ધ ક્ષમતાઓને મજબૂત કરવા માટે નૌકાદળને વધુ ૬ વિમાનોની જરૂર છે. તાજેતરના વર્ષોમાં આ ક્ષેત્રમાં ચીની યુદ્ધ જહાજો અને સબમરીનની હાજરી વધી છે, પછી ભલે તે સર્વેક્ષણના નામે હોય કે ચાંચિયાગીરી વિરોધી કામગીરી હેઠળ. આ જ કારણ છે કે ભારતીય નૌકાદળ તેની દેખરેખ ક્ષમતાઓને સતત અપગ્રેડ કરી રહ્યું છે.પી-૮આઈ વિમાન સાથે ભારતની સફર ૨૦૦૮માં શરૂ થઈ હતી જ્યારે નૌકાદળે પહેલી વાર ૮ વિમાન ખરીદ્યા હતા. ત્યારબાદ ૨૦૧૬ માં ૪ વધુ વિમાન ખરીદ્યા હતા. નૌકાદળે કુલ ૧૦ વધારાના વિમાનોની માંગ કરી હતી, પરંતુ ૨૦૧૯ માં ૬ઁ-ટૈં ને મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણયને મે ૨૦૨૧માં અમેરિકા સ્ટેટ ડિપાર્ટમેન્ટ તરફથી લીલી ઝંડી મળી હતી.પી-૮આઈ વિમાનો લાંબા અંતરની દેખરેખ માટે બનાવવામાં આવ્યા છે અને ઊંડા સમુદ્રમાં પણ સબમરીનને શોધી અને નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. પીટઆઈ વિમાન ૪૧,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઉડી શકે છે અને એક ઉડાનમાં ૮,૩૦૦ કિલોમીટર સુધીનું અંતર કાપી શકે છે. તેમાં ૧૧ હાર્ડ પોઈન્ટ છે.

## ઈમ્ફાલ અને ચુરાચંદપુરની વડા પ્રધાનની ૩ કલાકની મુલાકાત શોક વ્યક્ત

# પીએમની મણિપુર મુલાકાત સારી છે, પરંતુ વાસ્તવિક મુદ્દો 'મત ચોરી'નો છે : રાહુલ ગાંધી

। નવીદિલ્હી, તા.૧૩ ।

મણિપુરમાં લાંબા સમયથી ચાલી રહેલી હિંસા વચ્ચે, વિરોધ પક્ષ કોંગ્રેસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ચુરાચંદપુર અને ઈમ્ફાલની મુલાકાત પર તીવ્ર પ્રતિક્રિયા આપી છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે પીએમની મણિપુર મુલાકાત સારી છે, પરંતુ વાસ્તવિક મુદ્દો 'મત ચોરી'નો છે. તે જ સમયે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ મુલાકાતને 'પ્રતીક અને અપમાન' ગણાવી. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ પીએમની મુલાકાતને વિલંબિત પગલું ગણાવ્યું અને કહ્યું કે તેમણે મણિપુરની મુલાકાત ઘણી વહેલી લેવી જોઈતી હતી.રાહુલ ગાંધીએ વડા પ્રધાનની મુલાકાત પર કટાક્ષ કરતા કહ્યું, 'વડા પ્રધાન મોદી મણિપુર જઈ રહ્યા છે, તે સારું છે, પણ ખરો મુદ્દો મત ચોરીનો છે.' તેમણે મણિપુર હિંસા પર સતત કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે અને પીએમને પૂછ્યું છે કે તેઓ મણિપુરમાં પરિસ્થિતિને સામાન્ય બનાવવા માટે શું પગલાં લઈ રહ્યા છે. રાહુલે અગાઉ પણ ઘણી વખત મણિપુરની પરિસ્થિતિ પર પીએમ મોદી પાસેથી જવાબ માંગ્યા છે.કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વડા પ્રધાનની મુલાકાતની ટીકા કરતા કહ્યું, 'ઈમ્ફાલ અને ચુરાચંદપુરની વડા પ્રધાનની ૩ કલાકની મુલાકાત શોક વ્યક્ત કરવાની નથી, પરંતુ પ્રતીકવાદ અને અપમાન છે. આ મુલાકાત માફી કે પસ્તાવાની નિશાની નથી, પરંતુ પીડિતોની ઈજા પર એક ભવ્ય સ્વાગત સમારોહ છે.' ખડગેએ વડા પ્રધાનને પ્રશ્ન કર્યો, 'તેમના પોતાના શબ્દોમાં રાજધર્મ ક્યાં છે?' તેમણે કેન્દ્ર સરકાર પર મણિપુરના લોકોના દુઃખને અવગણવાનો આરોપ લગાવ્યો.વાયનાડના કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ પીએમની મુલાકાત પર ટિપ્પણી કરી. તેમણે કહ્યું, 'મને ખુશી છે કે તેમણે ૨ વર્ષ પછી નિર્ણય લીધો કે આ મુલાકાત તેમના માટે અર્થપૂર્ણ છે. તેમણે ખૂબ પહેલા મુલાકાત લેવી જોઈતી હતી. તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે તેમણે ત્યાં જે કંઈ થઈ રહ્યું હતું તે આટલા લાંબા સમય સુધી થવા દીધું.' પ્રિયંકાએ મણિપુરની પરિસ્થિતિ અંગે કેન્દ્રના મૌન પર સવાલ ઉઠાવ્યા.

## ન્યૂઝ બ્રિફ



### ૪ વખત મુખ્યમંત્રી રહેલા આ દિગ્ગજ નેતાનું નિધન, સોમવારે અંતિમ સંસ્કાર કરવામાં આવશે

। શિલોંગ, તા.૧૩ ।

મેઘાલયના પ્રખ્યાત રાજકારણી અને ૪ વખતના મુખ્યમંત્રી ડોનવા થેથવેલ્સન લાપાંગ, જેમને પ્રેમથી 'માહે' કહેવામાં આવે છે, તેમનું શિલોંગની એક હોસ્પિટલમાં અવસાન થયું. તેઓ ૯૩ વર્ષના હતા. તેમના પરિવારે જણાવ્યું હતું કે તેઓ લાંબા સમયથી વય સંબંધિત રોગોથી પીડાતા હતા. તેમના પરિવારમાં તેમની પત્ની એમિથિસ્ટ લિન્ડા જોન્સ બ્લાહ અને ૨ બાળકો છે. મેઘાલય સરકારે સોમવારે તેમના માનમાં રાજ્યકક્ષાએ અંતિમ સંસ્કારની જાહેરાત કરી છે.લાપાંગનો જન્મ ૧૦ એપ્રિલ, ૧૯૩૨ ના રોજ થયો હતો. તેમણે ૧૯૭૨ માં નોંગપોહ બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે જીતીને પોતાની રાજકીય સફર શરૂ કરી હતી.

આ પછી, તેમણે ૧૯૯૨ થી ૨૦૧૦ સુધી ચાર વખત મેઘાલયના મુખ્યમંત્રી તરીકે સેવા આપી. તેઓ કોંગ્રેસ પાર્ટીના વફાદાર નેતા રહ્યા, પરંતુ ૨૦૧૮ માં તેઓ નેશનલ પીપલ્સ પાર્ટીમાં જોડાયા. તાજેતરના સમયમાં, તેઓ મેઘાલય સરકારના મુખ્ય સલાહકાર તરીકે કામ કરી રહ્યા હતા. ૧૯૯૨ માં અસ્તિત્વમાં આવેલા રી-ભોઈ જિલ્લાની રચનામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે પણ લપાંગને યાદ કરવામાં આવે છે. લપાંગનું બાળપણ ખૂબ જ સરળ હતું. તેમણે તેમની માતાને ચાની દુકાન ચલાવવામાં મદદ કરી અને મજૂર, શિક્ષક અને સરકારી કર્મચારી તરીકે પણ કામ કર્યું. આ પછી તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો અને લાંબી અને શાનદાર કારકિર્દી બનાવી. જ્યારે લપાંગનું અવસાન થયું.

### ફારુક ઓમર અબ્દુલ્લાએ હઝરતબલ દરગાહ ખાતે નમાજ અદા કરી,અલ્લાહ બધા પર દયા કરે

। શ્રીનગર, તા.૧૩ ।

જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સના વડા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી ડૉ. ફારુક અબ્દુલ્લાએ વર્તમાન પડકારો વચ્ચે જમ્મુ અને કાશ્મીરના લોકો માટે શાંતિ અને રાહત માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરી. શુક્રવારે દરગાહ હઝરતબલ ખાતે મીડિયા સાથે વાત કરતા, તેમણે ગાઝા અને વિશ્વભરના અન્ય સંઘર્ષ વિસ્તારોમાં પીડિત મુસ્લિમો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને તમામ મુસ્લિમો અને જમ્મુ અને કાશ્મીર ક્ષેત્ર માટે પ્રાર્થના કરી.ડૉ. ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે અલ્લાહ જમ્મુ અને કાશ્મીરના લોકોને તેમની મુશ્કેલીઓમાંથી મુક્તિ આપે. સમગ્ર વિશ્વમાં સંઘર્ષ વ્યાપક છે અને ગાઝા અને અન્યત્ર મુસ્લિમો ખૂબ પીડાઈ રહ્યા છે. અલ્લાહ બધા મુસ્લિમો અને જમ્મુ અને કાશ્મીરના લોકોને આશીર્વાદ આપે. મુસ્લિમો અને હિન્દુઓ વચ્ચે શાંતિ અને ભાઈચારો જાળવી રાખે.મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ તેમના પિતા ડૉ. ફારૂક અબ્દુલ્લા સાથે શ્રીનગરના હઝરતબલ દરગાહ ખાતે સામૂહિક શુક્રવારની નમાઝમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત, ઓમર અબ્દુલ્લાના સલાહકાર નાસિર અસલમ વાની અને ઓમરના બે પુત્રો - ઝહીર અને જમીર અબ્દુલ્લાએ પણ આ ખાસ શુક્રવારની નમાઝમાં હાજરી આપી હતી.

## સોનિયા ગાંધીને રાઉસ એવન્યુ કોર્ટમાંથી રાહત, મતદાર ઓળખપત્ર કેસમાં દાખલ અરજી ફગાવી

। નવીદિલ્હી, તા.૧૩ ।

કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ સોનિયા ગાંધીને દિલ્હીની રાઉસ એવન્યુ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. રાઉસ એવન્યુ કોર્ટે નાગરિકતા મેળવ્યા વિના સોનિયા ગાંધી વિરુદ્ધ મતદાર યાદીમાં નામ દાખલ કરવા બદલ તપાસ અને કેસ દાખલ કરવાની માંગ કરતી અરજી ફગાવી દીધી છે.સોનિયા ગાંધી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે સોનિયા ગાંધીએ ૩૦ એપ્રિલ ૧૯૮૩ ના રોજ નાગરિકતા મેળવી હતી. જ્યારે તેમનું નામ ૧૯૮૦ ની મતદાર યાદીમાં સામેલ હતું. અરજીમાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો.

## ૨૨ સપ્ટેમ્બરે નવો જીએસટી લાગુ થયા પછી દવાઓ સસ્તી થશે

। નવીદિલ્હી, તા.૧૩ ।

નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીએ દવાઓ અને તબીબી ઉપકરણોનું ઉત્પાદન કરતી કંપનીઓને ખાસ સૂચનાઓ આપી છે.એનપીપીએએ કંપનીઓને ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી નવા જીએસટીના અમલીકરણ સાથેના તમામ લાભો ગ્રાહકો સુધી પહોંચાડવા જણાવ્યું છે. ઓથોરિટીએ એક આદેશમાં જણાવ્યું છે કે, જીએસટી દરોમાં ઘટાડાનો લાભ ગ્રાહકો અને દર્દીઓને ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી મળશે. દવાઓ વેચતી તમામ ઉત્પાદકો અને માર્કેટિંગ કંપનીઓ ૨૨ સપ્ટેમ્બરથી દવાઓ (તબીબી ઉપકરણો સહિત) ની કિંમતમાં સુધારો કરશે.

એનપીપીએ એ જણાવ્યું હતું કે ઉત્પાદકો અને માર્કેટિંગ કંપનીઓ ડીલરો, છૂટક વિક્રેતાઓ, રાજ્ય દવા નિયંત્રકો અને સરકારને નવા જીએસટી દરો અને નવી કિંમતોને પ્રતિબિંબિત કરતી નવી કિંમત યાદી અથવા પૂરક કિંમત યાદી જારી કરશે. તેણે કહ્યું હતું કે ઉત્પાદકો અને માર્કેટિંગ કંપનીઓ ઈલેક્ટ્રોનિક, પ્રિન્ટ અને સોશિયલ મીડિયા સહિત વિવિધ સંચાર માધ્યમો દ્વારા જીએસટી દરોમાં ઘટાડા અંગે લોકોને જાગૃત કરવા માટે તાત્કાલિક પગલાં લેશે.એનપીપીએએ વધુમાં જણાવ્યું હતું કે, "ઉદ્યોગ સંગઠનો ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી અમલમાં આવેલા સુધારેલા જીએસટી દરોનું પાલન સુનિશ્ચિત કરવા માટે ડીલરો/રિટેલરો સુધી પહોંચવા માટે સ્થાનિક ભાષાના અખબારોમાં પણ જાહેરાતો જારી કરી શકે છે."

**પાંચ વાહનોને નુકસાન** | **૪,૪૬૫ કરોડ રૂપિયાની સંપત્તિનું નુકસાન થયું છે, ૩૮૬ લોકોના મોત થયા છે**

# બિલાસપુરમાં વાદળ ફાટવાથી ભૂસ્ખલનને કારણે રાજ્યમાં ૫૭૭ રસ્તા બંધ

। બિલાસપુર, તા.૧૩ ।

હિમાચલ પ્રદેશમાં હવામાનનો કહેર ચાલુ છે. શનિવારે સવારે બિલાસપુર જિલ્લાના નામહોલ સબ-તહેતુલના ગુત્રાહન ગામમાં વાદળ ફાટવાથી બે વાહનો કાટમાળ નીચે દટાયા હતા અને પાંચને નુકસાન થયું હતું. ક્ષતિગ્રસ્ત વાહનોને દૂર કરવામાં આવ્યા છે. કાટમાળને કારણે નામહોલ-ડાબર રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. તે જ સમયે, ગ્રામજનો કાશ્મીર સિંહના ખેતરોને પણ ઘણું નુકસાન થયું છે. પાણીનો પ્રવાહ રસ્તા તરફ વળી ગયો હતો, નહીં તો ગુત્રાહન ગામમાં મોટી દુર્ઘટના થઈ શકી હોત. તે જ સમયે, બે દિવસથી સતત વરસાદને કારણે, ધુમરવિનમાં સર ખાડનું પાણીનું સ્તર વધ્યું છે. આ વરસાદી ઋતુમાં આ



સૌથી વધુ છે.શનિવારે સવારે ૧૦:૦૦ વાગ્યા સુધી રાજ્યમાં ભૂસ્ખલનને કારણે ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૫૭૭ રસ્તાઓ બંધ રહ્યા. ૩૮૯ વીજળી ટ્રાન્સફોર્મર અને ૩૩૩ પાણી પુરવઠા યોજનાઓ પણ પ્રભાવિત થઈ છે. કુલ્લુ જિલ્લામાં ૧૭૪, મંડીમાં ૧૬૬, શિમલામાં ૪૮, કાંગડામાં ૪૫, ચંબામાં ૪૪ અને સિરમૌરમાં ૨૮ રસ્તાઓ બંધ છે. બીજી તરફ, ગઈકાલે રાત્રે ભારે વરસાદને કારણે ભરમૌર-પઠાણકોટ હાઈવે પર ટુનુહટ્ટી, લહાડ, મેહલા નજીક ભૂસ્ખલન થયું હતું. આના કારણે હાઈવે પર નાના અને મોટા વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ગતિ ધીમી થવાને કારણે, ડ્રાઈવરો અને મુસાફરોને તેમના વાહનોમાં બેસીને હાઈવે પુનઃસ્થાપિત થવાની રાહ જોવી પડી હતી. દ્ગઉઁ ડિવિઝનના એક્ઝિક્યુટિવ એન્જિનિયર મીત શર્માએ જણાવ્યું હતું કે ભારે વરસાદને કારણે હાઈવે પર વૃક્ષો પડી ગયા હતા અને કાટમાળ આવ્યો હતો અને વાહનોની ગતિ ધીમી પડી હતી.હવામાન કેન્દ્ર શિમલાના જણાવ્યા અનુસાર, ૧૯ સપ્ટેમ્બર સુધી રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ ચાલુ રહેવાની આગાહી છે. ૧૩ અને ૧૪ સપ્ટેમ્બર માટે કેટલાક સ્થળોએ ભારે વરસાદ અને વાવાઝોડા માટે પીળો ચેતવણી જારી કરવામાં આવી છે. ચેતવણી વચ્ચે, શનિવાર સવારથી ઘણા ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. શિમલામાં તડકો છે અને હળવા વાદળો છવાયેલા છે. ગઈકાલે રાત્રે પાલમપુરમાં ૮૬.૦ મીમી, મુરારી દેવીમાં ૬૯.૨ મીમી, કાંગડામાં ૫૮.૨ મીમી, જોગીન્દરનગરમાં ૪૫.૦ મીમી, આઘર ૧૬.૮ મીમી, નૈના દેવી ૧૬.૬ મીમી, ધર્મશાલામાં ૧૪.૮ મીમી, મંડી ૧૩.૬ મીમી, બર્થિન ૭.૬ મીમી અને કાહુમાં ૭.૨ મીમી વરસાદ નોંધાયો હતો.

# ઈઝરાયલની ધમકી છતાં ગાઝાના લોકો મક્કમ, શહેર છોડવા ઈનકાર, યહૂદી સૈન્યના હુમલામાં ૫૦ના મોત





હમાસ : ઈઝરાયલની નાગરિક સંરક્ષણ એજન્સીએ જણાવ્યું હતું કે, શુક્રવારે ગાઝામાં લશ્કરી કાર્યવાહીમાં ૫૦ લોકોના મોત નિપજ્યા છે.. સેનાએ ગાઝા શહેર પર હુમલાઓ વધુ તીવ્ર બનાવી દીધા છે. ગાઝા પટ્ટીના સૌથી મોટા શહેર ગાઝા શહેરમાં રહેતા લાખો લોકોએ પોતાના ઘર છોડીને ઈઝરાયલી સેના દ્વારા નિર્ધારિત સલામત સ્થળે જવાનો ઈનકાર કર્યો છે.હમાસનો ગઢ ગણાતા આ શહેરમાં ઈઝરાયલી સેના સતત ગોળીબાર અને બોમ્બમારો કરી રહી છે. એટલું જ નહીં, અહીં ખાદ્ય પદાર્થોનો પુરવઠો પણ બંધ થઈ ગયો છે. આ દરમિયાન, શુક્રવારે ગાઝા પટ્ટીમાં ઈઝરાયલી સેનાની કાર્યવાહીમાં ૫૦ લોકોના મોત નિપજ્યા હોવાના અહેવાલ છે.ઈઝરાયલી સરકારે ગાઝા શહેર પર કબજો કરવાની અને તેને જાળવી રાખવાની જાહેરાત કરી છે. ઈઝરાયલી બંધકો આ શહેરમાં હમાસના પ્રભાવ હેઠળ હોવાની શંકા છે. એવું માનવામાં આવે છે કે હમાસ અહીં નાગરિકોનો ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યું છે જેથી ઈઝરાયલી કાર્યવાહીને કારણે થયેલા રક્તપાતને કારણે ઈઝરાયલને વૈશ્વિક ટીકાનો સામનો કરવો પડે.ગાઝા શહેર એ શહેર છે જેને ઈઝરાયલી સેના ૨૩ મહિનાના હુમલાઓ પછી પણ કબજો કરી શકી નથી. ઈઝરાયલી સેના દ્વારા તેના ઉપનગરોને ખાલી કરાવી દેવામાં આવ્યા છે પરંતુ ગીચ વસ્તીવાળા શહેરમાં જમીની કાર્યવાહી વધુ તીવ્ર બનાવવામાં નથી આવી.

## દિશા પટણીના ઘર પર ગોળીબાર, ગેંગસ્ટર ગોલ્ડી બરાર અને રોહિત ગોદારાએ લીધી જવાબદારી



। મુંબઇ, તા.૧૩ ।

બોલિવૂડ અભિનેતા સલમાન ખાનના ઘર બહાર ગોળીબાર થયો હતો. ત્યારબાદ હવે ઉત્તરપ્રદેશના બરેલીમાં દિશા પટણીના ઘરે ગોળીબારનો મામલો સામે આવ્યો છે. દિશાના ઘરે ગોળીબારની જવાબદારી રોહિત ગોદારા અને ગોલ્ડી બરાર ગેંગે લીધી છે. ચાલો જાણીએ કે આખો મામલો શું છે?આ ઘટના સવારે ૪:૩૦ વાગ્યે બની હતી જ્યારે બે રાઉન્ડ હવાઈ ગોળીબાર થયો હતો. જોકે, આ ગોળીબારમાં કોઈને ગોળી વાગી હોવાના કોઈ સમાચાર નથી. આ ગોળીબારની જવાબદારી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લેવામાં આવી છે, જેની પોલીસ તપાસ કરી રહી છે. ખરેખર, સોશિયલ મીડિયા પર એક પોસ્ટ સામે આવી છે. આ પોસ્ટમાં લખ્યું છે કે ભાઈઓ, આજે ખુશ્બુ પટણી અને દિશા પટણીના બરેલીના સિવિલ લાઈન્સ સ્થિત ઘરે ગોળીબાર થયો છે. પોસ્ટમાં આગળ લખ્યું છે કે તેણે આપણા પૂજ્ય સંત પ્રેમાનંદજી મહારાજ અને અનિરુદ્ધાચાર્યજી મહારાજનું અપમાન કર્યું છે.આ જ પોસ્ટમાં આગળ લખ્યું છે કે, તેણે આપણા સનાતન ધર્મને ઓછો કરવાનો પ્રયાસ કર્યો છે. આપણા પૂજ્ય દેવતાઓનું અપમાન સહન કરવામાં આવશે નહીં. આ ફક્ત એક ટ્રેલર હતું, આગામી વખતે જો તે અથવા કોઈ સનાતન ધર્મ પ્રત્યે કોઈ અભદ્ર વર્તન બતાવશે.

### ન્યૂયોર્ક ઘોષણા ઉપર ઐતિહાસિક મતદાન થયું

# પેલેસ્ટાઈન સ્વતંત્ર દેશ બને માટે યુએનમાં ભારત સહિત ૧૪૨ દેશોએ પ્રસ્તાવના પક્ષમાં આપ્યો મત

**ન્યૂયોર્ક ડિક્લેરેશન ઓન ધ પીસફુલ સેટલમેન્ટ ઓફ ધ ક્વેશ્ચન ઓફ પેલેસ્ટાઈન એન્ડ ધ ઇમ્પલીમેન્ટેશન ઓફ ધ ટૂ-સ્ટેટ સોલ્યૂશન' નામના આ પ્રસ્તાવને ફ્રાન્સ અને સાઉદી અરબે રજૂ કર્યું**

। વૉશિંગ્ટન, તા.૧૩ ।

સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં શુક્રવારે 'ન્યૂયોર્ક ઘોષણા' પર ઐતિહાસિક મતદાન થયું. ભારતે પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાષ્ટ્રની માગના પક્ષમાં જોરદાર સમર્થન આપ્યું. આ જાહેરાતના પક્ષમાં ૧૪૨ દેશોએ મત આપ્યો, જ્યારે ૧૦એ વિરોધ કર્યો અને ૧૨ દેશોએ મતદાન ન કર્યું. ભારતનું આવલણ નવું નથી. દાયકાઓથી ભારત બે-રાષ્ટ્ર સમાધાનનું સમર્થક રહ્યું છે અને હંમેશાથી પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાષ્ટ્ર માન્યતા અપાવવાના પ્રયાસોની સાથે ઉભું રહ્યું છે. આ વખતે પણ ભારતે સ્પષ્ટ સંદેશ આપ્યો કે પશ્ચિમ એશિયાની સ્થાયી શાંતિ ત્યારે જ શક્ય છે, જ્યારે પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાજ્યનો દરજ્જો મળે.'ન્યૂયોર્ક ડિક્લેરેશન ઓન ધ પીસફુલ સેટલમેન્ટ ઓફ ધ ક્વેશ્ચન ઓફ પેલેસ્ટાઈન એન્ડ ધ ઈમ્પલીમેન્ટેશન ઓફ ધ ટૂ-સ્ટેટ સોલ્યૂશન' નામના આ પ્રસ્તાવને ફ્રાન્સ અને સાઉદી અરબે રજૂ કર્યું. તેમાં કહેવાયું છે કે, ગાઝા યુદ્ધ ખતમ કરવા માટે સામૂહિક પ્રયાસ જરૂરી છે અને એક ન્યાયપૂર્ણ, કાયમી સમાધાન માત્ર બે-રાષ્ટ્ર ફોર્મ્યુલાથી જ સંભવ છે.



ઘોષણામાં પહેલીવાર સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સ્પષ્ટ શબ્દોમાં ૭ ઓક્ટોબર ૨૦૨૩એ હમાસ દ્વારા કરાયેલા હુમલાઓની નિંદા કરી છે. જેમાં માગ કરાઈ છે કે હમાસ તમામ બંધકોને મુક્ત કરે અને ગાઝાથી સત્તા છોડીને પોતાના હથિયાર પેલેસ્ટાઈન ઓથોરિટીને સોંપી દે.ભારતે આ ઘોષણાનું સમર્થન કરીને ફરી સ્પષ્ટ કરી દીધું કે તેઓ આતંકવાદ વિરૂદ્ધ છે અને પેલેસ્ટાઈન માટે ન્યાયપૂર્ણ સમાધાન ઈચ્છે છે. વિદેશ મંત્રાલયના સૂત્રોના અનુસાર, ભારતનું માનવું છે કે, હિંસા અને ચરમપંથને કિનારે રાખીને ક્ષેત્રમાં શાંતિ લાવી શકાય છે.

'પેલેસ્ટાઈન સ્વતંત્ર દેશ બને', યુએનમાં ભારત સહિત ૧૪૨ દેશોએ પ્રસ્તાવના પક્ષમાં આપ્યો મતસંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં શુક્રવારે 'ન્યૂયોર્ક ઘોષણા' પર ઐતિહાસિક મતદાન થયું. ભારતે પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાષ્ટ્રની માગના પક્ષમાં જોરદાર સમર્થન આપ્યું. આ જાહેરાતના પક્ષમાં ૧૪૨ દેશોએ મત આપ્યો, જ્યારે ૧૦એ વિરોધ કર્યો અને ૧૨ દેશોએ મતદાન ન કર્યું. ભારતનું આવલણ નવું નથી. દાયકાઓથી ભારત બે-રાષ્ટ્ર સમાધાનનું સમર્થક રહ્યું છે અને હંમેશાથી પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાષ્ટ્ર માન્યતા અપાવવાના પ્રયાસોની સાથે ઉભું રહ્યું છે. આ વખતે પણ ભારતે સ્પષ્ટ સંદેશ આપ્યો કે પશ્ચિમ એશિયાની સ્થાયી શાંતિ ત્યારે જ શક્ય છે.

**પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આરોપીની ધરપકડની જાણકારી આપી**

# ચાર્લી કર્કનો હત્યારો ઝડપાયો ટ્રમ્પે કહ્યું, મોતની સજા આપીશું

**કર્કના હત્યારા અંગે પોલીસને ૭૦૦૦થી વધુ લોકોએ બાતમી આપી : પોલીસે હત્યારાનું નામ જાહેર કર્યું નથી**

। વૉશિંગ્ટન, તા.૧૩ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ચાર્લી કર્કનો હત્યારો ઝડપાઈ ગયો છે. એક લાઈવ ઈન્ટરવ્યૂ દરમિયાન ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઉચ્ચ સૂત્રોએ આપેલી જાણકારી પ્રમાણે હત્યારો પકડાઈ ગયો છે. તેની ખૂબ નજીકના વ્યક્તિએ કહ્યું છે કે આ તે જ છે. કાયદા અમલીકરણ સાથે સંકળાયેલા એક મંત્રીએ આરોપીને અધિકારીઓને સોંપી દીધો છે. જોકે, અમેરિકન પ્રમુખે કે એજન્સીઓએ હત્યારાની ઓળખ જાહેર કરી ન હતી. ચાર્લી કર્ક અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિશ્વાસુ સહયોગી હતા. પ્રમુખપદના કેમ્પેઈનિંગમાં તેણે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. યુટામાં યુનિવર્સિટીના એક કાર્યક્રમ દરમિયાન તે ભાષણ આપી રહ્યા હતા ત્યારે તેની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસે આ હત્યાને આયોજનપૂર્વક કરાયેલી હત્યા ગણાવી હતી. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેને રાજકીય હત્યા ગણાવી હતી. ટ્રમ્પે તો તેમના વિશ્વાસુ કર્કની હત્યા પછી એવુંય કહ્યું હતું કે તે અમેરિકાના સર્વોચ્ચ નાગરિક સન્માન પ્રેસિડેન્શિયલ મેડલ ઓફ ફ્રીડમનો હકદાર છે.અધિકારીઓને ઘટના સ્થળેથી એક હાઈપાવર્ડ બંદૂક મળી આવી હતી. હત્યારો છત કૂદીને ઘટના સ્થળેથી જંગલમાં નાસી ગયો હતો એવી અધિકારીઓને શંકા હતી. ગોળીબાર થયો પછી સુરક્ષા અધિકારીઓ કર્ક તરફ ગયા હતા, પરંતુ તે સિવાયના અસંખ્ય લોકો ક્લાસરૂમ તરફ ભાગ્યા હતા અને બચવા માટે ક્લાસરૂમમાં ભરાઈ રહ્યા હતા. ઘટના પછી કેમ્પસમાં પ્રૂવમી રોંગના નારા લાગ્યા હતા.તપાસ એજન્સી એફબીઆઈએ ઘટના સ્થળના સીસીટીવીના ફૂટેજમાંથી મેળવેલો વિડીયો અને ફોટો આખાય દેશમાં મોકલી દીધા હતા. બધા જ રાજ્યોમાં હત્યારાને ઝડપી લેવા તજવીજ શરૂ થઈ હતી. આ આરોપીના સંદર્ભમાં પોલીસને ૭૦૦૦થી વધુ લોકોએ ટિપ્સ આપી હતી. એ બાતમી પોલીસને ખૂબ ઉપયોગી નીવડી હતી.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ચાર્લી કર્કનો હત્યારો ઝડપાઈ ગયો છે. એક લાઈવ ઈન્ટરવ્યૂ દરમિયાન ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઉચ્ચ સૂત્રોએ આપેલી જાણકારી પ્રમાણે હત્યારો પકડાઈ ગયો છે. તેની ખૂબ નજીકના વ્યક્તિએ કહ્યું છે કે આ તે જ છે.

## ઘાટી ફિલ્મ ફ્લોપ જતાં અનુષ્કા શેટ્ટીનું સોશિયલ મીડિયાને બાયબાય




। મુંબઇ, તા.૧૩ ।

અનુષ્કા શેટ્ટીની તાજેતરની ફિલ્મ 'ઘાટી' બોક્સ ઓફિસ પર ફલોપ જતાં તેણે થોડા સમય માટે સોશિયલ મીડિયા પરથી બ્રેક લેવાનુંનક્કી કર્યું છે. તેણે પોતે જ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે હવે તે ફક્ત કામ પર ફોક્સ કરવા માગે છે એટલે થોડા સમય માટે સોશિયલ મીડિયા પરથી બ્રેક લઈ રહી છે. અનુષ્કાએ તેની પોસ્ટમાં આડકતરી કબૂલાત કરી છે કે સોશિયલ મીડિયા સ્ક્રોલ કરવામાં તેનો બહુ સમય વેડફાઈ રહ્યો છે. જોકે, ચાહકોએ તેના આ નિર્ણય અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. અનુષ્કા શેટ્ટી આમ પણ સોશિયલ મીડિયા પર અતિશય સક્રિય ક્યારેય ન હતી.આથી, સોશિયલ મીડિયાને અને તેની ફિલ્મો ફલોપ જવાને કોઈ સંબંધ જ નથી તેમ ચાહકોએ કહ્યું હતું. અનેક ચાહકોએ તેને થોડા સમય માટે બ્રેક લઈ કોઈ સારા ડાયરેક્ટરની મજબૂત સ્ક્રિપ્ટ સાથેની ફિલ્મ પસંદ કરવા સલાહ આપી હતી. થોડા સમય માટે કામ પર જ ફોક્સ કરશેચાહકોએ અનુષ્કાને બ્રેક લઈ કોઈ સારા ડાયરેક્ટર સાથે જ ફિલ્મ કરવાની સલાહ આપી. અનુષ્કા શેટ્ટીની તાજેતરની ફિલ્મ 'ઘાટી' બોક્સ ઓફિસ પર ફલોપ જતાં તેણે થોડા સમય માટે સોશિયલ મીડિયા પરથી બ્રેક લેવાનુંનક્કી કર્યું છે. તેણે પોતે જ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે હવે તે ફક્ત કામ પર ફોક્સ કરવા માગે છે એટલે થોડા સમય માટે સોશિયલ મીડિયા પરથી બ્રેક લઈ રહી છે.

## ડલાસમાં ભારતીય મૂળના મોટેલ મેનેજરનું માથું કાપી કરપીણ હત્યા

। હ્યુસ્ટન, તા.૧૩ ।

અમેરિકાના ટેક્સાસ રાજ્યના ડલાસમાં ભારતીય મૂળના મોટેલ મેનેજર ચંદ્રમૌલી નાગામલ્લાહની તેના સહ કર્મચારીએ હત્યા કરી નાખી હતી. બંને વચ્ચે વોશિંગ મશીન તૂટવાના મુદ્દે વિવાદ થયો હતો. આરોપીએ મોટેલ મેનેજર પર હુમલો કર્યો હતો. મોટેલ મેનેજરની પત્ની અને દીકરાએ મધ્યસ્થી કરવાની કોશિશ કરી તે નાકામ નીવડી હતી અને આરોપીએ ચંદ્રમૌલીનું માથું ધડથી અલગ કરી નાખ્યું હતું. મૂળ કર્ણાટકના અને અમેરિકાના ડલાસમાં મોટેલ મેનેજર તરીકે કામ કરતાં ચંદ્રમૌલી નાગમલ્લાહને તેના સહ કર્મચારી કોબોઝ માર્ટિનીઝ સાથે વોશિંગ મશીન તૂટવાને લઈને વિવાદ થયો હતો. એ ઘટના પછી કોબોઝ માર્ટિનીઝે કોઈ ત્રીજી વ્યક્તિના માધ્યમથી તેને કંઈક કહેવાનો પ્રયાસ કર્યો હતો. એ પછી ભડકેલા આરોપીએ ચંદ્રમૌલી પર હુમલો કર્યો હતો. તેને માર માર્યો હતો. ચંદ્રમૌલીની પત્ની અને તેના દીકરાએ બંને વચ્ચે સમજાવટના પ્રયાસો કર્યા હતા તેમ છતાં ચંદ્રમૌલીની પાછળ આવીને આરોપીએ મોટો છરો બહાર કાઢ્યો હતો અને પત્ની-દીકરાની નજર સામે જ એનું માથું ધડથી અલગ કરી નાખ્યું હતું.બર્બરતાની હદ તો એ હતી કે માથું અલગ કર્યા પછી આરોપીએ એને લાત મારી હતી અને મસ્તકને કચરાના ડબ્બામાં નાખી દીધું હતું.

## ભારત તરફી સુશિલા કાર્કી નેપાળમાં વચગાળાની સરકારનું સુકાન સોંપાયું । આંદોલનકારી યુવાનો, આર્મી, રાષ્ટ્રપતિ વચ્ચે ત્રણ દિવસની મડાગાંઠનો અંત

। કાઠમંડુ, તા.૧૩ ।

નેપાળમાં 'જેન ઝી'ના બેનર હેઠળ યુવાનોના આંદોલનના કારણે સર્જાયેલા રાજકીય સંકટનો આખરે શુક્રવારે અંત આવ્યો છે. આંદોલનકારી યુવાનો, આર્મી અને રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલ વચ્ચે વચગાળાની સરકારના વડા અંગે ત્રણ દિવસ સુધી ચાલેલી ચર્ચાના અંતે શુક્રવારે ભારત તરફથી નેપાળનાં પહેલાં મહિલા ન્યાયાધીશ સુશિલા કાર્કીની પસંદગી કરાઈ હતી. આ સાથે રાષ્ટ્રપતિ પૌડેલે સંસદ ભંગ કરી દીધી છે. સુશિલા કાર્કીએ શુક્રવારે જ વચગાળાની સરકારનાં વડાં તરીકે શપથ લીધા હતા.નેપાળમાં સોશિયલ મીડિયા એપ પર પ્રતિબંધ, ભ્રષ્ટાચાર, પરિવારવાદ જેવા મુદ્દાઓ પર યુવાનોના હિંસક આંદોલને માત્ર બે દિવસમાં જ સત્તા પલટો કર્યો હતો અને વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ સોમવારે આંદોલન શરૂ થયા પછી મંગળવારે રાજીનામું આપવાની ફરજ પડી હતી.

ત્યાર પછી નેપાળમાં આંદોલનકારી યુવાનો કોઈ સ્વચ્છ અને નિષ્પક્ષ છબી ધરાવતી વ્યક્તિને વચગાળાની સરકારનું સુકાન સોંપવા માગતા હતા. નેપાળનાં પહેલાં મુખ્ય ન્યાયાધીશ તરીકે સુશિલા કાર્કી ભ્રષ્ટાચાર વિરોધી વલણ અને વંચિતો માટે અલગ વિચારસરણી રાખતા ન્યાયાધીશ તરીકે પ્રખ્યાત છે. સુશિલા કાર્કીને નેપાળના બંધારણની કલમ ૬૧ મુજબ વચગાળાની સરકારનાં વડાં તરીકે નિયુક્ત કરાયા છે. સુશિલા કાર્કીના શપથગ્રહણ પછી રાષ્ટ્રપતિ ભવનમાં તેમની પહેલી કેબિનેટ બેઠક યોજાઈ હતી. સૂત્રો મુજબ આ બેઠકમાં નાનું મંત્રીમંડળ બનાવવાનો નિર્ણય લેવાઈ શકે છે. આ મંત્રીમંડળમાં આંદોલનકારી યુવાનોના કેટલાક પ્રતિનિધિઓને પણ સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે.

**ડોનાલ્ડ ટ્રમ્પે ભારતમાં રાજદૂત પદ માટે સર્જિયો ગોરનું નામ આપવામાં આવ્યું**

**ટ્રમ્પ પ્રશાસને ભારત પર રશિયન ઓઈલ ખરીદવાને લઈને ૫૦ ટકા ટેરિફ લગાવ્યો છે । જેમાં ૨૫ ટકા સામાન્ય ટેક્સ અને ૨૫ ટકા વધારાના દંડનો સમાવેશ થાય છે**

# ભારત ઉપર ૫૦ ટકા ટેરિફ લગાવવાનું કામ સરળ ન હતું । વ્હાઇટ હાઉસમાં ટ્રમ્પનું નિવેદન

। નવી દિલ્હી, ૧૨।



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવવાનું કામ સરળ ન હતું.' ટ્રમ્પ પ્રશાસને ભારત પર રશિયન ઓઈલ ખરીદવાને લઈને ૫૦ ટકા ટેરિફ લગાવ્યો છે. જેમાં ૨૫ ટકા સામાન્ય ટેક્સ અને ૨૫ ટકા વધારાના દંડનો સમાવેશ થાય છે.ડોનાલ્ડ ટ્રમ્પે ભારતમાં રાજદૂત પદ માટે સર્જિયો ગોરનું નામ આપવામાં આવ્યું છે. ગોરે જણાવ્યું કે, અમેરિકાએ આગામી અઠવાડિયામાં વોશિંગ્ટન આવવા માટે ભારતીય પ્રતિનિધિમંડળને બોલાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, 'અમે ભારતીય નેતાઓ સાથે વાતચીત કરી રહ્યા છીએ. રાષ્ટ્રપ્રમુખે ભારતના વાણિજ્ય અને વ્યાપાર મંત્રીઓને આગામી અઠવાડિયે મુલાકાત લેવા બોલાવ્યા છે. આ દરમિયાન રાજદૂત ગ્રીર સાથે પણ મળશે. આ બેઠકમાં ટેરિફ કરાર મામલે ચર્ચા થશે. હવે ફક્ત કરારની વિગતો પર ચર્ચા કરવાની છે.'

વધુમાં જણાવતા સર્જિયો ગોરે કહ્યું કે, 'અમેરિકા ક્વાડ ગ્રુપ (ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા) પ્રત્યે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ ગ્રુપ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અને સંકેત આપ્યો કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ આ વર્ષના અંતમાં ભારતમાં યોજાનારી ક્વાડ સમિટમાં ભાગ લેવા માટે ભારતની મુલાકાત લઈ શકે છે.'ક્વાડ ગ્રુપની બેઠક મામલે ગોરે કહ્યું કે, 'રાષ્ટ્રપ્રમુખ ક્વાડની બેઠક શરૂ રાખવા અને તેને વધુ મજબૂત કરવાને લઈને પૂરી રીતે તૈયાર છે. જેમાં આગામી ક્વાડ બેઠક મામલે તેમની યાત્રા પર પહેલાથી જ વાતચીત થઈ ગઈ છે.' તાજેતરમાં જ બંને નેતાઓ વચ્ચે સોશિયલ મીડિયામાં સકારાત્મક સંદેશાનું આદાન-પ્રદાન થયું હતું, જેમાં બંને દેશ વચ્ચેના સંબંધોમાં સુધારો થવાના સંકેત મળે છે.'ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવવાનું કામ સરળ ન હતું', વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પનું નિવેદનઅમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવવાનું કામ સરળ ન હતું.' ટ્રમ્પ પ્રશાસને ભારત પર રશિયન ઓઈલ ખરીદવાને લઈને ૫૦ ટકા ટેરિફ લગાવ્યો છે. જેમાં ૨૫ ટકા સામાન્ય ટેક્સ અને ૨૫ ટકા વધારાના દંડનો સમાવેશ થાય છે.ડોનાલ્ડ ટ્રમ્પે ભારતમાં રાજદૂત પદ માટે સર્જિયો ગોરનું નામ આપવામાં આવ્યું છે. ગોરે જણાવ્યું કે, અમેરિકાએ આગામી અઠવાડિયામાં વોશિંગ્ટન આવવા માટે ભારતીય પ્રતિનિધિમંડળને બોલાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, 'અમે ભારતીય નેતાઓ સાથે વાતચીત કરી રહ્યા છીએ.

**નાસાની સેટેલાઈટ ઈમેજમાં નવું તળાવ જોવા મળ્યું** | **પહેલાં હિમતળાવ ટાપુની ચારેબાજુ ફેલાયેલું હતું, એક મહિનામાં જ બરફ પીગળી ગયાનું તારણ : ક્લાઈમેટ ચેન્જ ઈફેક્ટ**

# અલાસ્કામાં હિમતળાવ પીગળ્યું તો પ્રો નોબ નામનો ટાપુ બહાર દેખાયો !

। વોશિંગ્ટન , તા.૧૩ ।

નાસાની સેટેલાઈટમાં ઈમેજમાં જણાયું કે અલાસ્કાના બે નેશનલ પાર્કમાં આવેલું એક હિમતળાવ પીગળી ગયું હોવાથી ટાપુ બહાર દેખાવા માંડયો હતો. સેટેલાઈટ ઈમેજની સરખામણી ચોંકાવનારી હતી. ૧૩ જુલાઈથી છ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જ ટાપુની ફરતેથી બરફ પીગળી ગયો હતો. અલાસ્કાના દક્ષિણ-પૂર્વી ભાગમાં બરફ ઝડપથી પીગળી રહ્યો છે. બરફ પાણીમાં પરિવર્તિત થઈ રહ્યો છે. હિમતળાવોમાં જામેલો બરફ પાતળો થઈ રહ્યો છે. નાસાના લેટેસ્ટ અહેવાલમાં દાવો થયો હતો કે પાણી બરફની જગ્યા લઈ રહ્યું છે. ગ્લેશિયલ પીગળવાથી મોટા તળાવોનું




નાના તળાવોમાં ઉપાંતર થઈ રહ્યું છે. બરફ પીગળવાથી અત્યાર સુધી ઢંકાયેલો વિસ્તાર બહાર ડોકાવા લાગ્યો છે. એવો જ એક નવો ટાપુ સેટેલાઈટ ઈમેજમાં દેખાયો છે.પ્રો નોબ નામનો ટાપુ પહેલાં બરફના તળાવની અંદર હતો. એની આસપાસ બર્ફિલી શીલાઓ હતી. એ માત્ર એક ટપકું હોય એવો દેખાતો હતો. હવે તેની આસપાસથી બરફ પીગળી ગયો હોવાથી પાંચ વર્ગ કિલોમીટરનો આ ટાપુ બહારથી દેખાવા લાગ્યો છે.

નાસાના કહેવા પ્રમાણે ૨૦મી સદીની શરૂઆતમાં અલસેક ગ્લેશિયર લેક ૩ માઈલ સુધી ફેલાયેલું હતું. ગ્લોબલ વોર્મિંગના કારણે એ હિમતળાવ સતત પીગળવા માંડયું છે. અલાસ્કામાં જ આવા સેંકડો તળાવો સંકોચાવા લાગ્યા છે. પ્રો નોબ નામનો ટાપુ જુદો પડી ગયો એ બરફ પાતળો થઈ રહ્યો હોવાનો સંકેત છે. આનાથી બહુ જ મોટું પરિવર્તન આવશે. ગ્લેશિયલ આટલી ઝડપથી પીગળશે તેની અસર સ્થાનિક સ્તરે ઈકોસિસ્ટમ પર પડશે.

પ્રો નોબનું નામ ગ્લેશિયોલોજિસ્ટ ઓસ્ટિન પોસ્ટે રાખ્યું હતું. એ જહાજના પ્રો જેવો આકાર ધરાવે છે. ૧૯૬૦માં ઓસ્ટિન પોસ્ટે વિમાનમાંથી એનું નિરીક્ષણ કરીને એવો ય અંદાજ બાંધ્યો હતો કે ૨૦૨૦ સુધીમાં ગ્લેશિયરથી ઘેરાયેલો આ ભાગ અલગ થઈ જશે. એ વાત સાચી પડી છે અને ૨૦૨૫ સુધીમાં આ વિસ્તાર હિમતળાવથી જુદો પડી ગયો છે.નાસાની સેટેલાઈટમાં ઈમેજમાં જણાયું કે અલાસ્કાના બે નેશનલ પાર્કમાં આવેલું એક હિમતળાવ પીગળી ગયું હોવાથી ટાપુ બહાર દેખાવા માંડયો હતો. સેટેલાઈટ ઈમેજની સરખામણી ચોંકાવનારી હતી. ૧૩ જુલાઈથી છ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જ ટાપુની ફરતેથી બરફ પીગળી ગયો હતો.અલાસ્કાના દક્ષિણ-પૂર્વી ભાગમાં બરફ ઝડપથી પીગળી રહ્યો છે. બરફ પાણીમાં પરિવર્તિત થઈ રહ્યો છે. હિમતળાવોમાં જામેલો બરફ પાતળો થઈ રહ્યો છે.

### ડેરીના એમડી સહિતના અધિકારીઓ હોસ્પિટલમાં દોડી ગયા

# આણંદ અમૂલ ડેરીના બાયોગેસ પ્લાન્ટમાં બ્લાસ્ટથી નાસભાગ : ૭ કામદારો ઈજાગ્રસ્ત

। પ્રતિનિધિ, આણંદ, તા.૧૩ ।

વિશ્વવિખ્યાત આણંદની અમૂલ ડેરીમાં પાછળના ભાગે આવેલા બાયોગેસ પ્લાન્ટમાં આજે સાંજના સુમારે અચાનક બ્લાસ્ટ થતા સાત વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. અમુલ ડેરીના બાયોગેસ પ્લાન્ટમાં આજે સમી સાંજના સુમારે એક દુર્ઘટના બની હતી. અમૂલ ડેરીમાં પાછળના ભાગે આવેલા બાયોગેસ પ્લાન્ટના અચાનક બ્લાસ્ટ થતા પ્લાન્ટમાં હાજર કામદારો સહિતના કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. અમૂલના બાયોગેસ પ્લાન્ટમાં બ્લાસ્ટ થતા સાત જેટલા કામદારો ગંભીર રીતે દાઝી જતા તેઓને સારવાર અર્થે સૌપ્રથમ આણંદની જનરલ હોસ્પિટલમાં લઈ ગયા બાદ વધુ સારવાર અર્થે કરમસદ ખાતેની હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઈજાગ્રસ્તોના પરિવારજનોને આ ઘટનાની જાણ થતા તેઓ તુરંત જ કરમસદની હોસ્પિ



ટલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં પરિવારજનોએ ભારે આક્રંદ કર્યું હતું. બીજી તરફ આ ઘટનાને લઈ અમૂલ ડેરીના એમડી સહિતના અધિકારીઓ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા.આ અંગે આણંદના પ્રાંત અધિકારી મયુર પરમારે જણાવ્યું હતું કે, અમૂલ ડેરીમાં પાછળના ભાગે આવેલા બાયોગેસ પ્લાન્ટમાં આઉટસોસગના કર્મચારીઓ દ્વારા વેલ્ડિંગની કામગીરી ચાલી રહી હતી. ત્યારે લીકેજ થવાના કારણે બ્લાસ્ટ થયો હતો. જેમાં સાત વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતા. ઈજા ગ્રસ્તોને કરમસદની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. આણંદ અમૂલ ડેરી પ્લાન્ટ ખાતે ઈફ્લુન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ઈટીપી) પર સુઆયોજિત પ્રીવેન્ટિવ મેન્ટેનન્સનું કામ કરતી વખતે વેલ્ડિંગ કામગીરી દરમિયાન સામાન્ય ઘટના બની હતી. કોન્ટ્રાક્ટ એજન્સીના ૭ ઈજાગ્રસ્તોને સારી સારવાર મળે તે નિશ્ચિત કર્યું છે.તેવું અમુલની યાદીમાં જણાવાયું છે.વિશ્વવિખ્યાત આણંદની અમૂલ ડેરીમાં પાછળના ભાગે આવેલા બાયોગેસ પ્લાન્ટમાં આજે સાંજના સુમારે અચાનક બ્લાસ્ટ થતા સાત વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. અમુલ ડેરીના બાયોગેસ પ્લાન્ટમાં આજે સમી સાંજના સુમારે એક દુર્ઘટના બની હતી. અમૂલ ડેરીમાં પાછળના ભાગે આવેલા બાયોગેસ પ્લાન્ટના અચાનક બ્લાસ્ટ થતા પ્લાન્ટમાં હાજર કામદારો સહિતના કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી.

### 'નો રોડ-નો ટોલ' આંદોલનની અસર । પેચવર્કનું કામ શરૂ

# કચ્છના ૪ ટોલનાકા સોમવાર સુધી ટોલ ફ્રી જાહેર

## જિલ્લાના ૭ ટોલનાકા ઉપર દૈનિક ચાર કરોડનું ટોલનાકું વસુલવામાં આવતું હોવા છતાં ધારીમાર્ગોની ખરાબ હાલત

। પ્રતિનિધિ, કચ્છ, તા.૧૩ ।

કચ્છના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની ખખડધજ હાલતથી કંટાળેલા ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા સામખિયાળી ટોલ નાકે શરુ કરવામાં આવેલા 'નો રોડ, નો ટોલ' ચક્કાજામ આંદોલનનો સુખદ અંત આવ્યો છે. નેશનલ હાઈવે ઑથોરિટી દ્વારા તમામ ખખડધજ રોડ પર પડેલા ગાબડાં પુરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સોમવાર મધરાત સુધી એટલે કે ૧૫ સપ્ટેમ્બર રાત્રિના ૧૨ વાગ્યા સુધી સૂરજબારી, સામખિયાળી, મોખા અને માખેલ નાકા ટોલ ફ્રી કરવાની પણ જાહેરાત કરી હતી. લાંબા સમયથી ટ્રાન્સપોર્ટરો દ્વારા કરાઈ રહેલી રજૂઆતો છતાં હાઈવે ઑથોરિટી દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નહોતા. આખરે સત્યાગ્રહના પગલે મોડી રાત્રે નેશનલ હાઈવે ઑથોરિટીના રિજનલ ઑફિસર કચ્છ દોડી આવ્યા હતા અને ટ્રાન્સપોર્ટરો સાથે મીટીંગ કરી હતી. મધરાત્રે બે વાગ્યે સામખિયાળી ખાતે ટ્રાન્સપોર્ટરો સાથે યોજાયેલી બેઠકમાં ટ્રાન્સપોર્ટરો તેમની માંગણીઓ પર મક્કમ રહ્યા હતા. રિજનલ ઑફિસરે આ મુદ્દે દિલ્હીમાં ઉચ્ચ સ્તરે ચર્ચા કરી સવારે જવાબ આપવા જણાવ્યું હતું. ત્યારે આજે સવારે ફરી નેશનલ હાઈવે ઑથોરિટીના



રિજનલ ઑફિસર સુશીલ યાદવ, કચ્છ કલેક્ટર આનંદ પટેલ, પૂર્વ કચ્છ પોલીસ અધીક્ષક સાગર બાગમાર અને વિવિધ એસોસિએશનના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં ૧૫ સપ્ટેમ્બરની મધરાત્રિ સુધીમાં પેચવર્ક પૂર્ણ કરવાની અને ત્યાં સુધી વાહનોને ટોલ-ફ્રી રાખવાનો નિર્ણય લેવાયો હતો. ઉલ્લેખનીય છે કે આંદોલનના પગલે હજારો વાહનોના પૈડા થંભી ગયા હતા. કચ્છના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની હાલત સુધારવામાં નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચિમકી આપવામાં આવી હતી. જિલ્લાના ૭ ટોલનાકા ઉપર દૈનિક ચાર કરોડનું ટોલનાકું વસુલવામાં આવતું હોવા છતાં ધારીમાર્ગોની ખરાબ હાલત છે.હાઈવેના રસ્તા ખખડધજ હાલતમાં છે. અનેક રજૂઆતો છતાં માર્ગ મરમત માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી,

### હાઇવેના રસ્તા ખખડધજ હાલતમાં । અનેક રજૂઆતો છતાં માર્ગ મરમત માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી

કચ્છના ટ્રાન્સપોર્ટ જગત દ્વારા કચ્છમાં રાષ્ટ્રીય ધોરીમાગીની ખસ્તા હાલત સામે લડતના મંડાણ કરાયા હતા. જેથી નારાજ થઈ આ આંદોલનની શરુઆત કરવામાં આવી હતી. અંજાર તાલુકાનાં ખેડોઈ ગામના લોકોએ જણાવ્યું હતું કે ગાંધીધામ-મુન્દ્રા નેશનલ હાઈવે પર ઠેર ઠેર ડ્રગ્સના હાટડાઓ ધમધમી રહ્યા હોવાથી વાહન ચાલકો નશો કરી પોતાના વાહનો ચલાવતા હોવાથી અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવાય છે. આ ઉપરાંત રોડ પર ઠેર ઠેર ખાડાઓ હોવાથી નાના-મોટા અકસ્માતો રોજ બની રહ્યા છે. જેથી ગ્રામજનોએ માર્ગ પરથી પસાર થતાં વાહનોને અટકાવી ચાલકોને ગુલાબનું ફૂલ આપી, ઠંડી છાશ પીવડાવી નશો કરી વાહન ન ચલાવવા અપીલ કરી હતી. કચ્છના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની ખખડધજ હાલતથી કંટાળેલા ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા સામખિયાળી ટોલ નાકે શરુ કરવામાં આવેલા 'નો રોડ, નો ટોલ' ચક્કાજામ આંદોલનનો સુખદ અંત આવ્યો છે. નેશનલ હાઈવે ઑથોરિટી દ્વારા તમામ ખખડધજ રોડ પર પડેલા ગાબડાં પુરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સોમવાર મધરાત સુધી એટલે કે ૧૫ સપ્ટેમ્બર રાત્રિના ૧૨ વાગ્યા સુધી સૂરજબારી, સામખિયાળી, મોખા અને માખેલ નાકા ટોલ ફ્રી કરવાની પણ જાહેરાત કરી હતી. લાંબા સમયથી ટ્રાન્સપોર્ટરો દ્વારા કરાઈ રહેલી રજૂઆતો છતાં હાઈવે ઑથોરિટી દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નહોતા. આખરે સત્યાગ્રહના પગલે મોડી રાત્રે નેશનલ હાઈવે ઑથોરિટીના રિજનલ ઑફિસર કચ્છ દોડી આવ્યા હતા.

### મહેસાણા જિલ્લામાંથી એક મોટો છેતરપીંડીનો બનાવ સામે આવ્યો

# મહેસાણામાં ઓએનજીસી કોન્ટ્રાક્ટના નામે ૧૧ બોલેરો ગાડીઓથી 33 લાખની છેતરપીંડી કરાઇ!

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૧૩ ।

મહેસાણા જિલ્લામાંથી એક મોટો છેતરપીંડીનો બનાવ સામે આવ્યો છે. અહીં ઓએનજીસીમાં કોન્ટ્રાક્ટ પર ગાડીઓ મુકવાના બહાને ખાનગી નોકરી કરતા સાલીમ પટેલ નામના વ્યક્તિ સાથે છેતરપીંડી કરવામાં આવી હોવાનો ખુલાસો થયો છે.માહિતી અનુસાર, મુંજાલ બારોટ નામના વ્યક્તિએ સાલીમ પટેલને વિશ્વાસમાં લઈ ઓએનજીસીમાં કોન્ટ્રાક્ટ ચાલતો હોવાનો બહાનો કર્યો હતો. તેણે કહ્યું હતું કે કંપનીને બોલેરો ગાડીઓ ભાડે મુકવાની જરૂર છે. દરેક ગાડી પર દર મહિને ૧૫,૦૦૦ રૂપિયા ભાડું મળશે તેવી લોભામણી વાત કરી સાલીમ પટેલને આકર્ષ્યો હતો.વિશ્વાસમાં આવીને સાલીમ પટેલે ૧૧ બોલેરો ગાડીઓ ખરીદી મૂકી. ગાડીઓના ડાઉન પેમેન્ટ રૂપે ૪.૯૧ લાખ ચૂકવવામાં આવ્યા હતા. મુંજાલ બારોટે ગાડીઓના ભાડા અને અન્ય ખર્ચાના નામે કુલ ૩૩.૬૮ લાખ રૂપિયા લીધા.સમય



જતાં ન તો ગાડીઓ ઓએનજીસીમાં મુકાઈ અને ન તો દર મહિને આપવાના ૧૫,૦૦૦ રૂપિયાના ભાડા મળ્યા. એટલું જ નહીં, મુંજાલ બારોટે ગાડીઓ પણ પરત આપી નથી. આ રીતે સાલીમ પટેલને ન માત્ર રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો પરંતુ ૧૧ બોલેરો ગાડીઓમાંથી પણ વંચિત રહી ગયો.છેતરપીંડીનો ભોગ બનેલા સાલીમ પટેલે અંતે હિંમત કરી વિસનગર શહેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. ફરિયાદમાં જણાવ્યું છે કે મુંજાલ બારોટે છેતરપીંડીપૂર્વક વિશ્વાસઘાત કર્યો છે અને લાખો રૂપિયાની ખોટ પહોંચાડી છે. હાલ પોલીસ સમગ્ર મામલે તપાસ હાથ ધરી રહી છે.ઓએનજીસી જેવા પ્રતિષ્ઠિત નામનો ઉપયોગ કરીને છેતરપીંડી કરાયાની વાત બહાર આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. લોકોમાં ચર્ચા થઈ રહી છે કે રોજગારની આશામાં કેટલાય લોકો આવી લોભામણી વાતોમાં ફસાઈ જાય છે અને અંતે છેતરાઈ જાય છે.પોલીસ હવે મુંજાલ બારોટ સામે આઈપીસીની છેતરપીંડી સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરી રહી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીએ પહેલા પણ આવા કોન્ટ્રાક્ટના બહાને લોકો પાસેથી રૂપિયા લીધા હોવાની શંકા છે.

### પોલીસે દરોડો પાડ્યો હતો

# ચાંદખેડામાં દારૂના જથ્થા સાથે મહિલા સહિત ત્રણ ઝડપાયા । ૫.૨૨ લાખનો મુદ્દામાલ કબજે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ ।

ચાંદખેડા પોલીસને માહિતી મળી હતી કે ગોદરેજ ગાર્ડન સિટી પાસે આવેલા સનરાઈઝીંગ હોમ્સના બેઝમેન્ટમાં લિફ્ટ પાસે ઈકો કારમાં દારૂનો જથ્થો રખાયેલો છે. આ દારૂ ફ્લેટ નંબર ૧૨૦૩માં મુકવાનું ચાલુ છે.જેને આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો. જેમાં સુભાષ ભાઈલાલભાઈ પટેલ, લક્ષ્મણ સળુભાઈ ડામોર અને જાન્વી મિનાત્ક્ષીબેન બારોટની ધરપકડ કરવામાં આવી હતી. જાનવી સનરાઈઝીંગ હોમ્સમાં એક્સ-૧૨૦૩ નંબરમા રહેતી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.પોલીસે અહીંથી ૨,૭૨,૧૪૦નો દારૂ અને બિયરનો જથ્થો તથા ઈકો કાર મળીને કુલ રૂ. ૫,૨૨,૧૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આરોપીઓએ દારૂનો આ જથ્થો ક્યાંથી મેળવ્યો અને કોને આપવાનો હતો તેની તપાસ પોલીસે હાથ ધરી છે. ચાંદખેડા પોલીસને માહિતી મળી હતી કે ગોદરેજ ગાર્ડન સિટી પાસે આવેલા સનરાઈઝીંગ હોમ્સના બેઝમેન્ટમાં લિફ્ટ પાસે ઈકો કારમાં દારૂનો જથ્થો રખાયેલો છે. આ દારૂ ફ્લેટ નંબર ૧૨૦૩માં મુકવાનું ચાલુ છે.જેને આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો. જેમાં સુભાષ ભાઈલાલભાઈ પટેલ, લક્ષ્મણ સળુભાઈ ડામોર અને જાન્વી મિનાત્ક્ષીબેન બારોટની ધરપકડ કરવામાં આવી હતી.જાનવી સનરાઈઝીંગ હોમ્સમાં એક્સ-૧૨૦૩ નંબરમા રહેતી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.પોલીસે અહીંથી ૨,૭૨,૧૪૦નો દારૂ અને બિયરનો જથ્થો તથા ઈકો કાર મળીને કુલ રૂ. ૫,૨૨,૧૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આરોપીઓએ દારૂનો આ જથ્થો ક્યાંથી મેળવ્યો અને કોને આપવાનો હતો તેની તપાસ પોલીસે હાથ ધરી છે. ચાંદખેડા પોલીસને માહિતી મળી હતી કે ગોદરેજ ગાર્ડન સિટી પાસે આવેલા સનરાઈઝીંગ હોમ્સના બેઝમેન્ટમાં લિફ્ટ પાસે ઈકો કારમાં દારૂનો જથ્થો રખાયેલો છે. આ દારૂ ફ્લેટ નંબર ૧૨૦૩માં મુકવાનું ચાલુ છે.જેને આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો.

### અમિત ચાવડાએ નામ લીધા વગર અર્જુન મોઢવાડિયા પર આકરા શબ્દોનો પ્રહાર કર્યો હતો

# મંત્રીપદની લાલચમાં કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા અર્જુન મોઢવાડિયાને અત્યાર સુધી લોલીપોપ જ મળ્યું છે : અમિત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ ।

મંત્રીપદની લાલચમાં કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા અર્જુન મોઢવાડિયાને અત્યાર સુધી લોલીપોપ જ મળ્યું છે. ભાજપ નવા મંત્રીમંડળનો ફોડ પાડતું નથી. આવામાં ગુજરાત કોંગ્રેસના નવા પ્રમુખ તરીકેને ધુરા સંભાળી રહેલા અને એક સમયના જૂના સાથી અમિત ચાવડા અર્જુન મોઢવાડિયાને સંભળાવી ગયા. અમિત ચાવડાએ મોઢવાડિયા પર નિશાન તાકતા કહ્યું કે, પક્ષે બનાવ્યા, હવે હાલત ખરાબ. અમિત ચાવડાએ નામ લીધા વગર અર્જુન મોઢવાડિયા પર આકરા શબ્દોનો પ્રહાર કર્યો હતો. અમિત ચાવડાએ કહ્યું કે, કોંગ્રેસે કેટલાક નેતાઓને મોટા પદો આપ્યા હતા. કોંગ્રેસ દ્વારા જ તેમણે પોતાની ઓળખ બનાવી હતી, પરંતુ તેમણે પક્ષ છોડી ભાજપનો દામન પકડી લીધો હતો. આજે તેમની હાલત ગુજરાતની જનતા સામે સ્પષ્ટ છે.આ સાથે જ અમિત ચાવડાએ ભાજપ પર પણ નિશાન તાક્યું હતું. તેમણે કહ્યું હતું કે, ભાજપ



માં આંતરિક વિખવાદ ચરમસીમા પર છે. તેમની અંદર ગેંગવોર જેવી સ્થિતિ ચાલી રહી છે. ભાજપમાં જૂથબંધી અને આંતરિક લડાઈઓથી પાર્ટીનું સંગઠન નબળું પડી રહ્યું છે. આ ટિપ્પણી ભાજપના અંદરની રાજકીય ગતિવિધિઓ અને નેતાઓ વચ્ચેના સંઘર્ષોનો ઉલ્લેખ કરે છે, જેમાં મોઢવાડિયા જેવા નવા જોડાયેલા નેતાઓની ભૂમિકા પણ ચર્ચામાં છે.આમ, ભાજપમાં આંતરિક ડખા ચર્ચાઈ રહ્યાં છે. ભાજપમાં મંત્રીમંડળમાં ફેરબદલ એ લટકતું ગાજર બન્યું છે. તેમાં અર્જુન મોઢવાડિયાના અરમાનો પર પાણી ફરી વળ્યું છે. તેથી જ અમિત ચાવડાએ તેમના પર નિશાન તાક્યું હતું. અમિત ચાવડાના ભાજપમાં ગેંગવોરના નિવેદનથી ખળભળાટ મચી ગયો છે. બીજેપીના ટોચના નેતૃત્વ ઉપર એવા આરોપ લગાવવામાં આવી રહ્યાં હતા કે, ઘરના છોકરા ઘંટી ચાટે અને પારકા લોટ ખાય, એટલે કે કોંગ્રેસમાંથી આવેલા નેતાઓને મસમોટા પદો તો વર્ષોથી ભાજપમાં રહીને મહેનત કરતાં નેતાઓને નજરઅંદાજ કરવામાં આવી રહ્યાં છે. મંત્રીપદની લાલચમાં કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા અર્જુન મોઢવાડિયાને અત્યાર સુધી લોલીપોપ જ મળ્યું છે. ભાજપ નવા મંત્રીમંડળનો ફોડ પાડતું નથી. આવામાં ગુજરાત કોંગ્રેસના નવા પ્રમુખ તરીકેને ધુરા સંભાળી રહેલા અને એક સમયના જૂના સાથી અમિત ચાવડા અર્જુન મોઢવાડિયાને સંભળાવી ગયા. અમિત ચાવડાએ મોઢવાડિયા પર નિશાન તાકતા કહ્યું કે, પક્ષે બનાવ્યા, હવે હાલત ખરાબ. અમિત ચાવડાએ નામ લીધા વગર અર્જુન મોઢવાડિયા પર આકરા શબ્દોનો પ્રહાર કર્યો હતો. અમિત ચાવડાએ કહ્યું કે, કોંગ્રેસે કેટલાક નેતાઓને મોટા પદો આપ્યા હતા.

### થાનગઢ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી

# સુરેન્દ્રનગર પોલીસ સ્ટેશનમાં ભ્રૂણ હત્યા રેકેટનો પર્દાફાશ, આશીર્વાદ હોસ્પિટલ પર ગેરકાયદેસર પ્રવૃત્તિનો આરોપ

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૩ ।

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ વિસ્તારમાં આવેલી આશીર્વાદ હોસ્પિટલમાં ગેરકાયદેસર ભ્રૂણ હત્યાનું એક મોટું રેકેટનો પર્દાફાશ થયો છે. આરોગ્ય વિભાગના અધિકારીઓની સઘન તપાસ અને પૂછપરછ બાદ આ ઘટના પ્રકાશમાં આવી છે, જેમણે આરોપ લગાવ્યો હતો કે ગર્ભવતી મહિલાઓને બોલાવવામાં આવી રહી છે અને ગેરકાયદેસર ભ્રૂણ હત્યા કરવામાં આવી રહી છે. આ મામલે થાનગઢ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.આરોગ્ય વિભાગના અધિકારીઓને બાતમી મળી હતી કે થાનગઢની આશીર્વાદ હોસ્પિટલમાં ગેરકાયદેસર ભ્રૂણ હત્યાનો ધંધો ચાલી રહ્યો છે. આ માહિતીના આધારે, અધિકારીઓએ હોસ્પિટલ પર દરોડા પાડ્યા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓનો પર્દાફાશ કર્યો. એવો આરોપ છે કે ગર્ભવતી મહિલાઓને ગેરકાયદેસર ગર્ભપાત માટે હોસ્પિટલમાં બોલાવવામાં આવી રહી હતી, જે ભારતીય કાયદા હેઠળ ગંભીર ગુનો છે. આ સંદર્ભે, થાનગઢ પોલીસ સ્ટેશનમાં હોસ્પિટલના સંચાલક રાજેશ ગોજિયા, દિનેશ જિંજુવાડિયા અને નીતા જિંજુવાડિયા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે એક મહિલા સહિત ત્રણ લોકોની અટકાયત કરી છે અને વધુ તપાસ કરી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ વિસ્તારમાં આવેલી આશીર્વાદ હોસ્પિટલમાં ગેરકાયદેસર ભ્રૂણ હત્યાનું એક મોટું રેકેટનો પર્દાફાશ થયો છે. આરોગ્ય વિભાગના અધિકારીઓની સઘન તપાસ અને પૂછપરછ બાદ આ ઘટના પ્રકાશમાં આવી છે, જેમણે આરોપ લગાવ્યો હતો કે ગર્ભવતી મહિલાઓને બોલાવવામાં આવી રહી છે અને ગેરકાયદેસર ભ્રૂણ હત્યા કરવામાં આવી રહી છે. આ મામલે થાનગઢ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.આરોગ્ય વિભાગના અધિકારીઓને બાતમી મળી હતી કે થાનગઢની આશીર્વાદ હોસ્પિટલમાં ગેરકાયદેસર ભ્રૂણ હત્યાનો ધંધો ચાલી રહ્યો છે.

# સુરત પાલિકાના ૨૫ કર્મચારીઓને કાયમી નોકરી અને ૨૭૯ કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મળશે

। પ્રતિનિધિ, સુરત, તા.૧૩ ।

સુરત મહાનગરપાલિકાના ૩૦૦ થી વધુ કર્મચારીઓને મ્યુનિ. કમિશ્નરે દિવાળી પહેલા જ ગિફ્ટ આપી દીધી છે. મ્યુનિ. કમિશ્નર દ્વારા કરવામાં આવેલા ઓર્ડરમાં લાંબા સમયના અનુભવ બાદ ૨૫ કર્મચારીઓને કાયમી કર્યા જ્યારે ૨૭૯ કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવામાં આવ્યો છે.સુરત મ્યુનિ. કમિશ્નર શાલિની અગ્રવાલ દ્વારા પાલિકાના ૩૦૦ જેટલા કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય કર્યો છે. આજે મ્યુનિ. કમિશ્નરે મંજૂરી આપી છે જેમાં જુદી જુદી કેડરમાં ફરજ બજાવતા ૨૭૯ કર્મચારીઓને તેમની નોકરીના વર્ષને ધ્યાને રાખીને ઉચ્ચતર પગાર ધોરણ જાહેર કર્યું છે. જેમાં આ ઉપરાંત ૨૫ કર્મચારીઓને નોકરીમાં કાયમી નિમણૂક આપવામાં આવી છે.

મ્યુનિ. કમિશનરે આજે મંજૂરી આપી છે તેમાં વર્ગ ૨ માં સમાવેશ થાય છે તેવા એક ક્યુરેટર અને વર્ગ ત્રણમાં સમાવેશ થાય છે તેવા ત્રણ લેડી સ્વીમીંગ ઈન્સ્ટ્રક્ટર ઉપરાંત વર્ગ ચારમાં સમાવેશ થાય છે તેવા ૨૧ મુકાદમને કાયમી નોકરીની મંજુરી આપવામાં આવી છે. જ્યારે વર્ગ ત્રણમાં આવતા ટેકનીકલ આસીસ્ટન્ટ ઝુ-ગાઈડ, હોર્ટીકલ્ચર આસીસ્ટન્ટ સહિત ૭૩ કર્મચારીઓનો સમાવેશ ઉચ્ચતર પગાર ધોરણ માટે કરવામાં આવ્યો છે.

CAR WORLD
AUTO GARAGE
Karan Panchal +91 9427796859
Mahesh Gajnotar +91 9824699827
Shop No. 1, Radhe Hills,
Nr. Rameshwar Transport,
Mahemadabad Road,
Hathijan, Gujarat-382 445.

# પંચમહાલ જિલ્લામાં ટ્રેક્ટરના શોરૂમમાં ટ્રાયલના નામે ૨ ટ્રેક્ટર બઠાવી જનાર બે શખ્સ સુરેન્દ્રનગરથી ઝડપાયા

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૩ ।

સુરેન્દ્રનગર એલસીબી પોલીસે શો રૂમમાંથી છેતરપીંડિ કરી મેળવેલા ટ્રેક્ટર સહિતના મુદ્દામાલ સાથે બે શખ્સને ઝડપી લીધા હતા અને બંને વિરૂધ્ધ કાર્યવાહી કરી જોરાવરનગર પોલીસ મથકે સોંપ્યા હતા. એલસીબી ટીમને જોરાવરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ વખતે એક શંકાસ્પદ ટ્રેક્ટર મળી આવ્યું હતું. પોલીસે બંને શખ્સોના નામઠામ પુછતા પોતાની ઓળખ ગૌતમભાઈ કાળુભાઈ પ



ધરીયા (રહે.શિવદર્શન સોસાયટી, ખેરાળી રોડ) તથા સુરેશભાઈ દલપતભાઈ પાંડવા (હાલ રહે. હરિઓમ સોસાયટી, ઘુટું ગામ, મોરબી) હોવાનું જણાવ્યું હતું. ટ્રેક્ટર અંગે પુછપરછ કરતા બંને શખ્સોએ એક વર્ષ પહેલા પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાં આવેલા શીવ શક્તિ શો રૂમમાં ગ્રાહકના સ્વાંગમાં પહોંચ્યા હતા અને ટ્રેક્ટર લેવાનું છે કહી ટ્રેક્ટરની ટ્રાયલ માંગી હતી. શો રૂમમાંથી ટ્રાયલ લેવાના નામે ટ્રેક્ટરની ચોરી ભાગી છુટયા હતા. જે અંગે શોરૂમના માલિકે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. એલીસીબીની ટીમે બંને શખ્સો પાસેથી છેતરપીંડિથી મેળવેલા ટ્રેક્ટર કિં.રૂા.૬,૫૦,૦૦૦ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બંને આરોપીને જોરાવરનગર પોલીસ મથકે સોંપ્યા હતા.

લોક પત્રિકા હવે અહીં પણ
ભારતની નં.૧ ન્યૂઝ એપ
dailyhunt



પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya